THEOSOPHIC JYOTI (Gujarati Monthly) RNI Registration No. GUJ/GUJ/2015/71878 Dated : 24-05-2017
Published on : 10th Date of every month

सत्यान्नास्ति परो धर्मः तमसो मा ज्योतिर्गमय

આધ્યાત્મિક આંતરદૃષ્ટિ પ્રેરતું પોષતું અને પ્રફુલ્લાવતું સામાયિક

ગુજરાત થિયોસોફિકલ ફેડરેશનનું મુખપત્ર

# થિયોસોફિક જ્યોતિ
# THEOSOPHIC JYOTI

Editor : Harshavadan M. Sheth

Year-7 May–2022 No. 60

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 1. | ૧૦૧ મા વર્ષની સફરમાં... પાયાના પ્રણેતા... ગં.સ્વ. યશુબા ગોહિલ ..............................શ્રી હર્ષવદન શેઠ | 3 |
| 2. | ઇન્ડિયન સેક્ષનનો અગત્યનો સંદેશ ............શ્રી દર્શન મોદી | 7 |
| 3. | ધી હિડન સાઈડ ઓફ ધી થીંગ્સ ................શ્રી ધવલ શેઠ | 8 |
| 4. | સ્વ. કપિલ ઠક્કર : શબ્દ દેહે ....................શ્રી સહદેવ ઠક્કર | 9 |
| 5. | સાગર પંખી ...........................................શ્રીમતિ પરવીન પટેલ | 11 |
| 6. | જે. કૃષ્ણમૂર્તિ ભાગ-૧ સંસ્મરણ અને વ્યક્તિત્વ .. શ્રી હર્ષદ દવે | 14 |
| 7. | મહા સૌજન્ય ......................................... | 17 |
| 9. | શાખા સમાચાર ....................................... | 19 |
| 10. | આપણો પુસ્તક પ્રેમ ................................. | 20 |


Price : Rs. 5/- • Yearly Subscription : Rs. 50/- (In India) • Published & Printed at : Ahmedabad

આ માસિકમાં પ્રગટ થતી માત્ર અધિકૃત જાહેરાતો માટે જ ગુ. થિ. ફેડરેશન જવાબદાર છે. – તંત્રી

# થિયોસોફિકલ સોસાયટીના ત્રણ ઉદ્દેશો

(૧) પ્રજા ધર્મ જ્ઞાતિ, જાતિ, વર્ણ કે રંગના ભેદભાવ રાખ્યા વિના માનવજાતિનું વિશ્વબંધુત્વનું એક કેન્દ્ર રચવું.

(૨) તુલનાત્મક રીતે ધર્મ, તત્વજ્ઞાન અને વિજ્ઞાનના અભ્યાસને સમગ્રતાની દ્રષ્ટિએ ઉત્તેજન આપવું.

(૩) કુદરતના નહિ સમજાએલા નિયમોનું અને મનુષ્યમાં રહેલી સુષુપ્ત શક્તિઓનું સંશોધન કરવું.

## ગુજરાત થિયોસોફિકલ ફેડરેશન

હરજીવન હેડ ક્વાર્ટર્સ, "હોમી હાઉસ" ૧૫૧૬, કૃષ્ણનગર, ભાવનગર-૩૬૪ ૦૦૧.

### ફેડરેશન હોદ્દેદારો

પ્રમુખ : **શ્રી નરેશભાઈ એ ત્રિવેદી** ઉપપ્રમુખ : **શ્રી કાન્તીલાલ પી. પટેલ**

મંત્રી : **શ્રી દર્શનભાઈ સી. મોદી** સહમંત્રી : **શ્રી વલ્લભભાઈ રાખોલીઆ**

ખજાનચી : **શ્રી રમેશચંદ્ર ડોલીઆ**

ફેડરેશન દ્વારા પ્રગટ થયેલાં પુસ્તકો મેળવવા માટે લખો.

**☛ બુક સ્ટોલ મેનેજર ☚**

શ્રી પ્રવિણભાઈ માંડલિયા, ભાવનગર લોજ,
મો. : ૯૪૨૬૧૬૪૫૫૭
"હોમી હાઉસ" ૧૫૧૬, કૃષ્ણનગર,
ભાવનગર - ૩૬૪ ૦૦૧.

**☛ પ્રમુખશ્રીનું સરનામું ☚**

શ્રી નરેશભાઈ એ.ત્રિવેદી
૩૦૫, નંદનવન એપાર્ટમેન્ટ, સરદારબાગ સામે,
જુનાગઢ-૩૬૨૦૦૧ મો. : ૯૮૭૯૦ ૬૫૨૦૦

**ફેડરેશન મંત્રીનું સરનામું**

ફેડરેશન અંગેનો કોઈપણ પત્રવ્યવહાર કરવા માટે

**શ્રી દર્શનભાઈ સી. મોદી**

એ/૯૦૪, ધરતી સાકેત હાઈટ્સ, શુકન ગ્લોરી સામે,
આનંદ સફાયર પાસે, એસ.જી. હાઈવે,
ગોતા, અમદાવાદ – ૩૮૨ ૪૮૧
મો.નં. ૯૪૨૭૩ ૧૧૯૫૪
E-mail-gtfsecretory@gmail.com

**થિયોસોફિકલ સેવાસંઘ (T.O.S.)**

અંગે પત્રવ્યવહાર
શ્રી નરસિંહભાઈ એ. ઠાકરીયા
એ/૩૦૧, સનાઈ રેસીડન્સી, પરશુરામ ગાર્ડન સામે,
અડાજણ, સુરત-૩૯૫૦૦૯
મો : ૯૪૨૬૩ ૬૨૨૫૩
(રહે.) ૦૨૬૧-૨૭૪૬૭૨૨

**"થિયોસોફિક જ્યોતિ"ના લવાજમના દર**

| | |
|---|---|
| ભારતમાં (વાર્ષિક) | રૂ.૫૦/- |
| ભારતમાં આજીવન (મર્યાદા ૧૦ વર્ષ) | રૂ.૧૦૦૦/- |

**"થિયોસોફિક જ્યોતિ" માટે જાહેરાતના દર**

(એક વખત પ્રસિદ્ધ કરવા માટેના દર)

| | |
|---|---|
| અંદરનું કવર પેજ ટાઈટલ પાનું નં.૩ | રૂ.૬૦૦-૦૦ |
| અંદરનું આખું પાનું | રૂ.૫૦૦-૦૦ |
| અંદરનું અડધું પાનું | રૂ.૩૦૦-૦૦ |
| સૌજન્ય પૃષ્ઠ | રૂ.૫૧-૦૦ |

ઉપરોક્ત જણાવેલ દાન, ભેટ કે જાહેરાતનાં નાણાં **'જી.ટી.એફ. જ્યોતિ પ્રકાશન ફંડ'** એ નામે મનીઓર્ડર કે ડીમાન્ડ ડ્રાફ્ટથી તંત્રીશ્રીના સરનામે મોકલવા અથવા નીચે જણાવેલ બેન્ક એકાઉન્ટમાં જમા કરાવીને તંત્રીશ્રીને જાણ કરવી. જ્યોતિના ટપાલ સરનામાં તથા નિયમિત મળવા અંગેનો પત્રવ્યવહાર પણ નીચે જણાવેલ સરનામે કરવો :-

**શ્રી હર્ષવદન એમ. શેઠ**

'શ્વેત પદ્મ' ૯, અપૂર્વ બંગલોઝ,
શારદા હાઈસ્કુલ પાછળ, ભૂયંગદેવ પાસે, મેમનગર,
સોલા રોડ, અમદાવાદ - ૩૮૦૦૫૨.
**મો. – ૯૮૨૪૦૭૩૬૭૮, ૯૦૧૬૨૨૪૮૨૫**
E-mail-harshavadan_sheth@yahoo.co.uk

**GTF Jyoti Prakashan Fund**
Central Bank of India
(Sardarnagar Area Branch, Bhavnagar, 01360)
A/c. No. 1871957084
IFSC : CBIN0281360


**નોંધ : આ અંકમાં પ્રસ્તુત થતાં લેખો સાથે તંત્રીશ્રી સહમત છે તેવી માન્યતા ધરાવવી નહીં.**

# ૧૦૧ મા વર્ષની સફરમાં... પાયાના પ્રણેતા... ગં.સ્વ. યશુબા ગોહિલ

સંપાદકીય

પ્રસ્તુતિ

**શ્રી હર્ષવદન શેઠ**



ગં.સ્વ. યશુબેન હરદેવસિંહજી ગોહિલ


તા. ૨૦મી માર્ચ, ૨૦૨૨ને રવિવારનો દિવસ સોનેરી પ્રેરણા પંથ માટે ઉગ્યો. ગિરનારની તળેટીથી નીકળીને સાંજે ભાવનગર પહોંચીને ઈન્ડિયન સેક્ષનના પ્રમુખ શ્રી પ્રદીપસિંહજી એચ. ગોહિલ સાહેબની નિશ્રામાં 'મોહબ્બત નિવાસ'માં ૯૩ વર્ષીય ગં.સ્વ. યશુબા ગોહિલની મહેમાનગતિ માણવાની તક સાંપડી. સાંજે ૫ વાગે એસ.ટી. સ્ટેન્ડ પર શ્રી પ્રદિપસિંહજીના અંતરંગ મિત્ર રોટેરીયન તથા ભાવનગર લોજના ખજાનચી અને લોજના ટ્રસ્ટી શ્રી દીપકભાઈ કોઠારી તેમની કારમાં સૌ પ્રથમ તેમના નિવાસસ્થાને લઈ ગયા. તેમના નિવાસસ્થાને પહોંચીને તેમના ધર્મપત્ની શ્રીમતિ પારુલબેનને મળીને, તેમની ચા પીને શ્રી દીપકભાઈ મને મહોબ્બત નિવાસે હંકારી ગયા, 'મીની અડ્યાર' ગણાતાં ગુજ. થિયો. ફેડ.ના હેડક્વાર્ટરથી આ નિવાસસ્થાન ઘણું નજીક છે. તેમની પડોશમાં ચંદ્રેશ્વર મહાદેવ બિરાજે છે. ત્યાંથી થોડુંક જ ચાલતાં જઈએ એટલે ગુજ. થિયો. ફેડ.ના ભૂતપૂર્વ મંત્રી યુવા પ્રવૃત્તિના ભૂતપૂર્વ કન્વીનર તથા ભાવનગર લોજના મંત્રી તથા ટ્રસ્ટના મંત્રી એવાં સહૃદયી સાથી શ્રી સહદેવભાઈ ઠક્કરનું નિવાસસ્થાન છે.

ઈન્ડિયન સેક્ષનની સાંજની મીટીંગમાં પ્રમુખશ્રી પ્રદીપસિંહજીનો આંતરરાષ્ટ્રીય કક્ષાએ એક ઈન્ટરવ્યુ લેવાતો હતો, જેની પૂર્ણાહુતિ સાંજે ૬.૩૦ પછી થઈ. તે વખતે મુરબ્બી મિત્ર શ્રી સહદેવભાઈ પણ ત્યાં આવી ગયા. યશુબા જાણે કે અમારું સ્વાગત કરવા પહેલેથી જ તૈયાર હોય તેમ અમને તેમના ડ્રોઈંગ રૂમમાં દોરી ગયા. "આવો.. આવો... હર્ષવદનભાઈ... પ્રદીપભાઈએ મને તમારા અહીં આવવા વિશે જણાવેલ. હું તો એટલી બધી હરખાઈ કે ઘણાં વર્ષોની યાદો તાજી થઈ ગઈ." કેવું નિર્દોષ બાળસહજ વ્યક્તિત્વ ! કોઈ પણ પ્રકારનો દેખાડો નહીં, પોતાના શ્વેત સાદા વસ્ત્રોમાં નિત્યક્રમની જેમ જ ઘરમાં હરતાં ફરતાં જે કાંઈ દૈનિક જીવનની પ્રવૃત્તિઓ કરતાં હોય તેવી સહજતાથી પોતે જાતે જ અમારા માટે 'ચા' બનાવીને લઈ આવ્યાં. હું અને સહદેવભાઈ ગોળાકાર ટેબલ પાસે તેમનાં સાંનિધ્યમાં બેઠાં અને ચા પીધી. થોડી જ વારમાં શ્રી પ્રદીપસિંહજી પણ આવી ગયાં. તેમના ચહેરા ઉપર મારા ત્યાં પહોંચવાની જે ખુશી છલકાતી હતી તેને મેં જીવનમૂડી સમાન હૃદયના ખૂણામાં સાચવી રાખી છે.. મેં યશુબાને જણાવ્યું કે 'થિયોસોફિક જ્યોતિ'ને ૧૦૦ વર્ષ પૂર્ણ થઈ ગયા છે. 'શતાબ્દિ મહોત્સવ' ઉજવાય તેવું આપણે ઈચ્છીએ છીએ. ૧૦૧ માં વર્ષની યાત્રા શરૂ થઈ ગઈ છે. તેમના અવાજમાં રણકાર છવાયો. મુખમુદ્રા ઉપર અનોખા ભાવ વ્યક્ત થયાં. અત્યંત નૈસર્ગિક સાહજીકતાથી 'થિયોસોફિક જ્યોતિ'ના હાર્દિક વધામણાં કર્યા. મેં કહ્યું, "હું આપનો ઈન્ટરવ્યુ લઈ રહ્યો છું. મને બધું જ વિગતે જણાવશો તો સમગ્ર ગુજરાતના સભ્યો સુધી આપની વાત આ મેગેઝીન મારફતે પહોંચશે. "શ્રી પ્રદીપસિંહજી પણ સાથે ગોઠવાઈ ગયા." મેં કહ્યું, "બા ના વિષે પ્રથમ તો હું સંપૂર્ણ માહિતી પ્રાપ્ત કરી લઉં." અને વાતનો દોર સંધાઈ ગયો.

---

**જેસલરાજ રાજેશકુમાર ઠાકરિયાને અમેરિકાની કંપનીમાં જોબ મળ્યાની ખુશી નિમિત્તે**

**સૌજન્ય : શ્રી નરસિંહભાઈ ઠાકરિયા, સનાતન લોજ, સુરત**


માતા યશુબા સાથે પુત્ર
શ્રી પ્રદીપસિંહજી ગોહિલ

યશુબાનો જન્મ તા. ૧૧.૦૯.૧૯૨૯ ના રોજ ભાવનગર જીલ્લાના મહુઆ તાલુકાના દાથા નજીકના રોજીયા ગામે થયેલો. પિતાશ્રી નારુભા સરતાનજી સરવૈયા સાવરકુંડલામાં ડેપ્યુટી વહીવટદાર હતા. તેમના મોટા દિકરા બહાદૂરસિંહ સરવૈયા ખૂબ નાની ઉંમરમાં ગુજરી ગયા. તે વાતની જાણ હરજીવનદાસ કે. મહેતાને થઈ. તેમણે જાણ્યું કે નારુભા ખૂબ જ શોકમાં રહે છે, તેથી તેઓ પોતે સામેથી સાવરકુંડલા મળવા આવ્યા. ઘણી વાતો કરી. સાંત્વન આપ્યું અને ત્રણ નાની પુસ્તિકાઓ આપતાં ગયાં, જે હતી (૧) કર્મનો નિયમ (૨) પુનર્જન્મનો નિયમ અને (૩) વિકાસક્રમનો નિયમ. મોબાઈલમાં રેકોર્ડીંગ ચાલતું હતું. તેમના પોતાના જ શબ્દોને સાંભળીએ,... યશુબાએ જણાવ્યું : ઘરમાં ઉપરના માળે બાપુજીનો એક રૂમ હતો, એક ટેબલ ઉપર પુસ્તકો અને અન્ય વસ્તુઓ રાખતા. હું અગિયાર વર્ષની હતી. હું ત્યાં પહોંચી જાઉં. મને વાંચનનો શોખ બાળપણથી જ હતો. ભગવદ્ ગીતા વાંચવામાં રસ પડી ગયેલો. મને તે વખતે કૃષ્ણની વાત, ‘‘મારા શરણે આવો... મારા શરણે આવો... તેવું વાંચીને સમજેલી કે કૃષ્ણ ખૂબ જ અહંકારી હતાં.’’ આ વાત એમણે એટલા નૈસર્ગિક હાસ્ય સાથે રજૂ કરી કે અમે સૌ તેમની સાથે ખડખડાટ હસી પડ્યાં. યશુબાનો હસવાનો ઠહાકો તો કમાલનો હતો. પ્રદીપસિંહજી અને સહદેવભાઈ પણ હાસ્ય રોકી શક્યાં નહિ... તેમણે આગળ બોલવાનું શરૂ કર્યું...

‘‘હરજીવનદાદાએ આપેલી પુસ્તિકાઓ વાંચવા ઉપરના રૂમમાં પહોંચી જતી. તે વખતે મારાં મોટાભાઈના મૃત્યુનું દુઃખ અમને બંનેને રહેતું હતું. પુનર્જન્મનો નિયમ વાંચી ગઈ, કર્મનો નિયમ વાંચ્યો. તે ઉંમરમાં સમજણ પડી કે લેણદેણ પૂરું થાય એટલે બધું જ પૂરું ! બે-ચાર વર્ષ પસાર થયાં. ત્યાં એક બીજા વહીવટાદર શ્રી પી. એસ. જાની હતા. મારા બાપુજી અને જાનીએ કોલેજનો અભ્યાસ સાથે કરેલો. બંને મિત્રો હતાં. એમની મોટી દિકરીને ભણવા માટે ભાવનગર આવવું પડ્યું. કારણ કે તે વખતે સાવરકુંડલામાં કોલેજ ન હતી. ભાવનગર લોજની પાસે કૃષ્ણનિવાસ છે તેમાં તે રહેતાં એમને પોતાનાં વ્યક્તિગત શોખને લીધે થિયોસોફિકલ સોસાયટીની મીટીંગોમાં હાજરી આપે.’’ ‘‘દર અઠવાડિયાની ત્રણ મીટીંગો થતી... વેણીદાદાની, હરજીવન બાપુજીની અને રવિશંકર જોષી સાહેબની... એ ત્રણે એટેન્ડ કરે અને પંદર-વીસ દિવસે કે મહિને પાછાં સાવરકુંડલા આવે. ત્યારે મને એ બધી વાતો કરે અને મને એમાં શોખ જાગ્યો.’’

વચ્ચે પ્રદિપસિંહજીએ યાદ કરાવતાં કહ્યું કે લગ્ન પછી તમે હરજીવનદાદાને મળવાં ગયેલાં અને તમને બુક્સ આપેલી તે વાત તમે કરી !

‘‘હા, હા... હું એ વાત કરું... મારા લગ્ન થયાં ભાવનગરમાં હરદેવસિંહજી મોહબ્બતસિંહજી ગોહિલ સાથે. લગ્ન થયાં પછી મારા પતિએ કહ્યું, ‘આપણે હરજીવન બાપુજીને ત્યાં મળવા જવાનું છે... એટલે મેં પૂછ્યું, ‘કોણ હરજીવન બાપુ ?’ તો તેમણે જણાવ્યું કે, ‘મારા ખાસ મિત્રના પિતાશ્રી છે.’ ત્યારે મને તરત જ યાદ આવ્યું કે ‘એ હરજીવન કાલીદાસ મહેતા ?’ તો કહે, ‘હા’ અમે ત્યાં ગયા. બાપુજીને પગે લાગ્યાં અને બધી વાત કરી. એટલે અમને બાપુજીએ જેટલાં પુસ્તકો


સ્વ. હરદેવસિંહજી
ગોહિલ

**સ્વ. અંજનાબેન સોનેજીના સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી ભાસ્કરભાઈ સોનેજી, અમદાવાદ લોજ**

પોતે લખ્યાં હતાં તે બધાનો એક સેટ ભેટ આપ્યો. મને તો ખૂબ જ મજા થઈ ગઈ. (આ વાતે ખૂબ જ હસ્યાં) ત્યાંથી મને થિયોસોફીમાં રસ પડી ગયેલો.''

વચ્ચે પ્રદીપસિંહજીએ જણાવ્યું કે પિતાશ્રી હરદેવસિંહજીનો જન્મ ૨૧મી માર્ચ, ૧૯૨૦ ના રોજ થયેલો. તેઓ કાળા તલાવ, ભાવનગરના વતની હતા. દાદા મોહબ્બતસિંહજી ફત્તેસિંહજી ગોહિલ ભાવનગર સ્ટેટની ઈન્ફન્ટ્રી રેજીમેન્ટના કર્નલ પદે હતા અને પ્રથમ વિશ્વયુદ્ધમાં ભાગ લીધેલો.


યશુબાએ આગળ જણાવ્યું કે તેમના લગ્ન તો ૧૯૪૮માં થયેલાં. તે વખતે યોગેન્દ્રભાઈ મહેતા અને યોગીનીબહેન મુંબઈ રહેતાં હતાં. તેઓ જ્યારે અહીં ભાવનગર આવ્યાં ત્યારે તેઓને મળવાનું થયું. તે અરસામાં સી. જીનરાજદાસજી ભાવનગર પધારેલાં. તેમને સાંભળવા માટે યોગેન્દ્રભાઈ અને યોગીનીબહેન યશુબાને લઈ ગયેલાં. આમ કોઈ પણ સારા વક્તા આવે ત્યારે તેમને મીટીંગમાં લઈ જાય. પછી તો ઘણો રસ પડવા લાગ્યો. પછીથી પોતાના સંતાનો થયાં. તે જવાબદારી સંભાળતા સંભાળતા છેક ૧૯૫૮માં થિયો. સોસાયટી, ભાવનગર લોજનાં સભ્ય બન્યાં. તે વખતે હરજીવનદાસ મહેતા પ્રમુખ હતાં.


કર્નલ મોહબ્બતસિંહજી ફત્તેસિંહજી ગોહિલ

યશુબાને સંતાનોમાં પુત્ર પ્રદીપસિંહજી અને પુત્રી ઈલેશા છે. પોતાના થિયોસોફિક કાર્ય અને જવાબદારી અંગેની વાત કરતાં બોલ્યાં, ''ગુજરાત થિયોસોફિકલ ફેડરેશનનાં બુક સ્ટોલ મેનેજર તરીકે મેં ઘણાં વર્ષો સુધી કામ કર્યું.'' તેમની તે વાત સાંભળતાં જ આશ્ચર્યનું મોજું ફેલાયું. તંત્રીશ્રી બોલી ઊઠ્યાં, ''ઓહો ! આ તો બહુ મોટી વાત છે.''

આગળ ઉપર જણાવ્યું, ''જ્યારથી બરોડાથી બુક સ્ટોલ ભાવનગર લઈ આવ્યાં ત્યારથી મેં કાર્ય કરવાનું શરૂ કરેલું. હોમીભાઈ સાથે કામ કરવાની ખૂબ મજા આવતી હતી. હોમીભાઈ પોતાની લોજ અંગેનું જ વિચારતાં હોય, જ્યારે લોજનો મોટો હોલ બનાવ્યો ત્યારે તે માટે પૈસાની જરૂર પડી. તેમણે પોતાના બધાં જ પૈસા તેની પાછળ વાપરી કાઢ્યાં. તમે તેમને જુઓ તો તે આખો વખત લોજનું જ વિચારતાં હોય. તે પોતે કમળાબેનને ત્યાં જમતાં. આ મોટા હોલની સામે તેમનો બંગલો; જેને આજે 'હોમી હાઉસ' તરીકે જાણીએ છીએ ત્યાં બે સામસામે હિંચકાં, અને તેના ઉપર શેડ, ત્યાં રોજ સાંજે મળીએ. તેઓ દરરોજ એક પુસ્તકનો અભ્યાસ કરાવે. મને લેડબીટર સાહેબના ઘણાં પુસ્તકોનો અભ્યાસ થયેલો. તે મને 'દીકરા... દીકરા' કહીને બોલાવે અને મારી પાસે ઘણું કામ પણ કરાવી લેતાં ! (આટલું બોલતાં યશુબા ખડખડાટ હસી પડ્યાં)


''કમળાબેન કાર્ય કરતાં પણ ખરેખર હોમીભાઈમાં જેટલું ડીવોશન અને ડેડીકેશન મેં જોયેલું તે અનોખું હતું. તે સમયે હરજીવનભાઈ પણ એટલાં જ કાર્યશીલ. આ બધુ મેં જોયેલું એટલે આપણને પણ એમ થાય કે આપણે પણ આ રીતે જીવીએ. અને કાર્ય કરીએ.''


પુત્ર શ્રી પ્રદીપસિંહજી ગોહિલ તથા પુત્રવધુ શ્રીમતિ હીનાબેન ગોહિલ

યશુબાએ... પોતાની નિત્યક્રમની ટેવોને જાળવી રાખી છે. વહેલાં સવારે સાડા પાંચે ઊઠીને, પરવારીને પોતાનાં નિવાસસ્થાનની બહાર આવેલાં બગીચામાં નાળિયેર, આંબો, ગુલમહોર વગેરે સાથે મૈત્રી કેળવી છે. બપોરે ઊંઘ આવે નહિ એટલે ૧૫-૨૦ મિનિટ વાંચે. પાઠ અને જપ કરે. 'થિયોસોફિક જ્યોતિ' અને બીજા મેગેઝીનો ખાસ વાંચી જવાનાં. સાંજનું

**સ્વ. પૂર્ણિમાબેન સી. સોનીના અપ્રતીમ સ્મરણાર્થે**

**સૌજન્ય : શ્રી છબીલદાસ કે. સોની (સી. કે. સોની), શ્રીરામ લોજ, હિમ્મતનગર**




યશુબા તથા
શ્રી સહદેવભાઈ ઠક્કર

હળવું ભોજન વહેલું પૂરું થઈ જાય. આઠ વાગે પોતાનાં રૂમમાં પહોંચી જઈને ધ્યાન કરે. ભગવાનને પ્રાર્થના કરે અને તે રીતે નવ વાગે સૂઈ જવાનું. અત્યારે બહાર ક્યાંયે જવાનું રાખ્યું નથી. અડોશ પડોશમાં પણ જતાં નથી. જ્યારે તંત્રીશ્રીએ તેમને પૂછ્યું, ''તમે છેલ્લે ક્યારે બહાર ગયેલાં ?'' ''ભાવનગર બહાર ક્યાંયે જવાનું થયેલું ?'' પ્રદીપસિંહજીએ પણ તેમને યાદ કરાવતાં પૂછ્યું, તો યશુબાએ જણાવ્યું, ''હા, દિવાળીમાં જયદેવભાઈ (તેમના નાનાભાઈ)ને ત્યાં ગાંધીનગર ગયેલી,'' તે પછી પોતે ૨૦૧૬માં અડ્યાર મુકામે કન્વેન્શનમાં હાજરી આપેલી તે સિવાય ક્યાંયે બહાર ગયા નથી.

થોડોક અફસોસ વ્યક્ત કરતાં જણાવ્યું, ''અહીં ભાવનગર લોજમાં પણ ઘણાં લાંબા સમયથી જવાયું નથી.''

ભાવનગર લોજમાં ૧૭મી નવેમ્બરે થિયો. સોસા.નો સ્થાપના દિવસ અને ૮મી મે નો 'શ્વેત પદ્માષ્ટમી'નો જે ઉત્સવ થતો તેને ખૂબ જ યાદ કર્યો. અમદાવાદમાં રોહિત લોજ દ્વારા યોજાતી 'વીરાબેન સ્મૃતિ શિબિર'માં



યશુબા તથા થિયોસોફિક
જ્યોતિના તંત્રી શ્રી હર્ષવદન શેઠ

આવતાં અને વડોદરામાં રહીને રેવા લોજની મીટીંગોમાં હાજરી આપતાં તે અંગે ઘણું રસપૂર્વક જણાવ્યું. પણ ભાવનગર લોજની આટલી વિશાળ જગ્યા અને 'મીની અડ્યાર' જેવા વાતાવરણથી હજુએ પોતે પ્રભાવિત છે.

શ્રી પ્રદીપસિંહજી ગોહિલ, માતા યશુબા, પત્ની શ્રીમતિ હીનાબેન તથા દિકરી પવિત્રા સૌ થિયોસોફિકલ સોસાયટીના કાર્ય તથા અભ્યાસના રંગે રંગાયેલાં છે. માતા યશુબાએ કોઈની પણ મહેમાનગતિમાં કોઈ જ કચાશ રાખી નથી, ભાવનગરની મુલાકાતે સ્વ. રાધાબર્નિયર જ્યારે જ્યારે આવે ત્યારે ત્યારે તેમનાં જ મહેમાન બને. આ સિવાય અડ્યાર કે અન્યત્રથી જે જે મહેમાનો આવે તે યશુબાને ત્યાં જ ઉતરે. બેન કેશ્વર દસ્તુરે પણ તેમની મહેમાનગતિ માણેલી છે. યશુબા સૌને યાદ કરીને આ બાબતે ખૂબ જ ગૌરવ અનુભવે છે. આપણે પણ તેમની સાથે સંવેદનાઓ, સમજણ તથા વ્યવહારિક આત્મવિદ્યાના સુક્ષ્મ તરંગો તેમની નિશ્રામાં અનુભવી શકીએ છીએ.

આપણે સૌ 'થિયોસોફિક જ્યોતિ'ની શતાબ્દિ પૂર્ણાહુતિ સફરમાં પાયાના સુવર્ણમય પત્થર સમાન, સ્પષ્ટ વક્તા તથા થિયોસોફિમય પ્રકાશથી અલંકૃત થયેલ દીવાદાંડી સમાન યશુબાના સ્વસ્થ જીવન માટે શુભેચ્છાઓ વ્યક્ત કરીને તેમના સ્વપ્નાનું 'મીની અડ્યાર' ભાવનગર લોજ – ફરીથી તેમની આશાઓનાં સિંચનથી ગુજરાત થિયોસોફિકલ ફેડરેશનનું મહામુલું ઘરેણું બની જશે તે બાબતે ૧૦૧ મા વર્ષમાં કોઈ જ શંકા રહેતી નથી...

• • •

**સ્વ. ધર્મિષ્ઠાબેન તરુણકુમાર દેખ્તાવાલાના સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી તરુણકુમાર એમ. દેખ્તાવાલા, રેવા લોજ, વડોદરા**


'થિયોસોફિક જ્યોતિ'ને શુભેચ્છાઓ

## —: મહા સૌજન્ય :—

ગં. સ્વ. યશુબેન હરદેવસિંહજી ગોહિલ (યશુબા) 'થિયોસોફિક જ્યોતિ'ની આ સફરમાં અત્યંત આનંદિત છે. ગુજ. થિયો. ફેડ.ના હોદ્દેદારોને તથા 'થિયોસોફિક જ્યોતિ'ને અત્યંત રસદાયક, વાંચન વિશેષ તથા ખૂબ જ પ્રેરણાદાયી સ્તરનું મેગેઝીન બનાવવામાં તંત્રીશ્રી જે ધ્યાન રાખે છે, મહેનત કરે છે, ગુજરાત ભરનાં વાચક સભ્યો તથા લેખો લખનાર સભ્યોને જે ઉત્સાહ મળી રહ્યો છે તે માટે પોતાના કુટુંબના બધા જ સભ્યો વતી શુભેચ્છા આપતાં મહા સૌજન્ય સ્વરૂપે રૂા. ૧૦,૦૦૦/- જી.ટી.એફ. જ્યોતિ પ્રકાશન ફંડને ભેટ આપે છે.


યશુબા...
આનંદદાયક જીવનસભર...
સર્વને શુભેચ્છાઓ...

'થિયોસોફિક જ્યોતિ' યશુબાનો ઉપરોક્ત વાર્તાલાપ આ સંપાદકીય દ્વારા રજૂ કરીને ધન્યતા અનુભવે છે. પ્રિયશ્રી પ્રદીપસિંહજીનો તથા પ્રિયશ્રી સહદેવભાઈ ઠક્કર તથા આદરણીય શ્રીમતિ હીનાબેનનો ખાસ આભાર વ્યક્ત કરે છે.

(આવતા અંકે આપણી વચ્ચે વિદ્યમાન અન્ય એક મુરબ્બી સભ્ય સાથેની મુલાકાત આ શતાબ્દિ સફરમાં રજૂ થશે.)

---

## ઈન્ડિયન સેક્ષનનો અગત્યનો સંદેશ

*પ્રસ્તુતિ*
**શ્રી દર્શન મોદી**
*મંત્રી. ગુજ. થિયો. ફેડ.*

- ભારતીય વિભાગ (ઇન્ડિયન સેક્ષન) દ્વારા તા. ૧ જાન્યુઆરી, ૨૦૨૨ થી નવા સભ્યો માટેની દાખલ ફી રદ કરવામાં આવી છે.
- આંતર્રાષ્ટ્રીય પ્રમુખ દ્વારા તેને બહાલી તા. ૨૭.૧૨.૨૦૨૧ ના રોજ આપવામાં આવેલી.
- ઈન્ડિયન સેક્ષનની વેબસાઈટ ઉપરથી 'નવા સભ્ય' માટેનું પ્રવેશ ફોર્મ ફેડરેશનના બધા જ મંત્રીઓને મોકલવામાં આવેલ છે.
- પ્રવેશ ફોર્મ સાથે સભ્ય બનનારે પોતાની સહીવાળું આધાર કાર્ડ બીડવું. ફોર્મમાં પોતાની સહી કરવી 'ઇન્ડિયન થિયોસોફિસ્ટ' મેગેઝીન અંગ્રેજી તથા હિન્દી ભાષામાં નિઃશુલ્ક આપવામાં આવે છે. પોતાને જે ભાષામાં જોઈતું હોય તે જણાવવું. પોતાનું પત્રવ્યવહારનું પૂરેપૂરું સરનામું, પોતાનો ટેલિફોન નંબર (અથવા કેર ઓફ નંબર), પોતાનું ઈ-મેઈલ એડ્રેસ (અથવા કેર–ઓફ ઈ-મેઈલ એડ્રેસ) અને છેલ્લે પડાવેલ ફોટોગ્રાફ મોકલવો. કોઈપણ બાબતની ચૂક કે કસર રહેશે તો પ્રવેશ ફોર્મ સ્વીકારાશે નહિ.
- વર્તમાન સભ્યોએ પોતાનું ઈ-મેઈલ સરનામુ ઇન્ડિયન સેક્ષનના વડા મથકે દર વર્ષે ૩૦મી સપ્ટેમ્બર સુધીમાં સાંજના ૫ વાગ્યા પહેલા નીચેના સરનામે મોકલવું. આજીવન સભ્યે પણ પોતે આ રીતે મોકલવાનું છે.
  નીચેના ઈ-મેઈલ સરનામે મોકલવું :

**renewalindsecmem@gmail.com**

**"I woul like to continue my membership in the Indian Section of the Theosophical Society"**

| .................................. | .................................. | ...................... | ...................... | ...................... |
|---|---|---|---|---|
| **Mem. Name** | **Name of Lodge** | **Diploma No.** | **Signature of Mem.** | **Date** |

ઉપરોક્ત ફોર્મેટ પ્રમાણે ફોર્મ ભરીને આપેલા ઈ-મેઈલ સરનામે ૧ જુલાઈ થી ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૨ સુધીમાં મોકલી આપવું. ટપાલ દ્વારા મોકલાવેલ કોપી સ્વીકારવામાં નહીં આવે.

---

**સૌજન્ય : શ્રીમતી સુશિલાબેન હરિવદન છીંકણીવાળા તથા પ્રો. શ્રી હરિવદન છીંકણીવાળા**

# ધી હિડન સાઈડ ઓફ ધી થીંગ્સ

વસ્તુઓની ગૂઢબાજુ

સી.ડબ્લ્યુ.લેડબીટરના પુસ્તક પર આધારિત

પ્રસ્તુતિ
શ્રી ધવલ શેઠ
રોહિત લૉજ

*ગતાંકથી આગળ...*

**ન દેખાતાં લોકોની આપણા પર અસર**

**એક સ્ત્રીને દેખાયેલાં એક દૃશ્યનું વિશ્લેષણ**

તે સ્ત્રીને થતી પીડાંનું વર્ણન ખૂબ જ સચોટ હતું. તેની પીડાં જ વર્ણવે છે કે તેમણે કરેલો પ્રયોગ કેટલો જોખમી હતો. આ સ્ત્રીને થયેલો અનુભવ આવા માર્ગ ઉપર કરવામાં આવતાં અપરિપક્વ વિકાસ અને પ્રયત્નો સામેની ચેતવણી છે.

તે સ્ત્રીને દેખાયેલાં થિયોસોફિકલ દૃશ્યોની વિગતવત્ ટીકા કરવી પણ અર્થહીન છે. જોનારને તે દૃશ્યો ભલે ગમે તેટલાં અદ્‌ભૂત લાગે પરંતુ તે વિકાસક્રમની સાચી ઘટનાઓને નહોતા દર્શાવતાં. તે તો અનેક વિચારરૂપોનું સંયોજન અને સંશ્લેષણ હતાં. દૃશ્યોનો સંકેતાત્મક ભાગ ખૂબ જ રસપ્રદ હતો. તેના અમુક પાસાંઓ જેવાં કે દેવો દ્વારા ગીતોનું ગાન કરવું તે તેના માર્ગદર્શકનાં દિમાગમાં રહેલાં ખ્રિસ્તી ધર્મને લગતાં વિચારોનું પરિણામ હતું. તેણે પણ આ સંવાદદાતા સ્ત્રી સાથે આ બધાં દૃશ્યોને જોયાં હતાં, પરંતુ તે પૂર્વના શિક્ષણથી અજાણ હોવાનાં લીધે અમુક દૃશ્યોને બિલકુલ પણ સમજી શક્યો નહોતો. જેમ કે માનવજાતિની વિવિધ પ્રજાતિઓનાં ઉદ્‌ભવને લગતાં દૃશ્યોને તે સમજી જ શક્યો નહોતો.

આ સમગ્ર દૃશ્યમાં જવાબદારીની જે ભારે લાગણી હતી તે આ માર્ગદર્શકનાં સતત એકનાં એક વિચારોનાં લીધે હતી. એવી દૃઢ પ્રતીતિ થઈ ગઈ હતી કે તે સ્ત્રીની સફળતા પર જ દુનિયાનો ઉદ્ધાર નિર્મિત છે. એસ્ટ્રલ પ્લેનને લગતાં સંદેશા વ્યવહારોમાં આ પ્રકારની સ્વલક્ષી બાબતો એ ખૂબ જ સામાન્ય છે. તે મૃત વ્યક્તિની એક સામાન્ય ભ્રમણા એવી હતી કે જો તે કોઈ સ્ત્રીનો પોતાના માધ્યમ તરીકે ઉપયોગ કરી શકે તો તે આખી દુનિયાને બદલી શકે તેમ છે. પરંતુ આ સ્વલક્ષી અભિગમ પાછળ બીજું કારણ પણ હતું. તે ગરીબ મૃત ખેડૂત એવું જ માની બેઠેલો કે જો દુનિયા આ વખતે તેનો સ્વીકાર નહીં કરે તો તેનો ઉદ્ધાર થઈ શકશે નહીં. તેણે પોતાની આ જ માન્યતા સ્વર્ગની પરિષદની સામે રજૂ કરી. જ્યારે તેણે આ રજૂઆત કરી ત્યારે પરિષદમાં પેલું નેચર–સ્પિરીટ પણ હાજર હતું. તે નેચર–સ્પિરીટને આ રજૂઆતમાં બિલકુલ પણ સમજણ ન પડી પરંતુ તેને એટલું તો સમજાયું કે કોઈ બાબત માટે તેની અનુમતિ માંગવામાં આવી રહી છે. તો તેણે ભવ્ય અદામાં પોતાની અનુમતિ આપી અને પેલાં ખેડૂતની ભ્રમણા વધુ મજબૂત બની ગઈ. જગતનાં ઉદ્ધારની આ ભ્રમણા પેલાં ખેડૂતનાં જીવનનો મુખ્ય વિચાર બની ગયો. આ માર્ગદર્શક ખેડૂતની અસર વગર તે સ્ત્રીનાં દિમાગમાં ક્યારેય જગતનાં ઉદ્ધારનો વિચાર આવ્યો ન હોત.

જગત તેમજ મનુષ્યનાં રૂપમાં શેતાનનાં અવતારનો વિચાર પણ તે માર્ગદર્શકનો હતો. ઉલટું તે સ્ત્રી તો પોતાના માર્ગદર્શક કરતાં આ બધી બાબતોમાં વધુ સારી સમજણ ધરાવતી હતી. પરંતુ આ વિચાર તેનાં દિમાગમાં ત્યારે આવેલો હોઈ શકે કે જ્યારે તે ખૂબ જ થાકી ગઈ હતી અને સંપૂર્ણપણે માર્ગદર્શકનાં મનનાં પ્રભાવ હેઠળ હતી અને પોતાની સ્વાભાવિક વિવેકક્ષમતા ગુમાવી ચૂકેલી હતી.

આ કિસ્સાની રસપ્રદ બાબત તો એ છે કે જુદી જુદી એસ્ટ્રલ અસરોએ ભેગા મળીને એક આખી નાટ્યાત્મક તસ્વીર ઊભી કરી હતી. આ કિસ્સાનું મુખ્ય પાસુ એ માર્ગદર્શકની ઇચ્છા અને તેની ભ્રમણાની તાકાત હતી. પરંતુ તે એટલું પ્રભાવશાળી ન હોત જો તે

*(અનુસંધાન પાન-૧૨ ઉપર)*

**ૐ નિવા ઇચ્છા અંબુ શ્રીમતિ સુલોચનાબેન ગોવિંદભાઈ અં. મોદીના ૐ શ્રી રાધેકૃષ્ણ એકૈશ**

**સૌજન્ય : જયેશ, રૂપલ, કિશન, શ્રેયા, યશ (U.S.A.), મનીષ, નૈના, સૃષ્ટિ, અનુશ્રી શાહ પરિવાર, અમદાવાદ લોજ**

# સ્વ. કપિલ ઠક્કર : શબ્દ દેહે

## (સુફી સંત સમા – અભ્યાસી થિયોસોફિસ્ટ)

*પ્રસ્તુતિ*
શ્રી સહદેવ ઠક્કર
*ભાવનગર લોજ*

### શતાબ્દિ ઉજવણીના સ્મૃતિ સ્વરૂપે...

ગુજરાત થિયોસોફિકલ ફેડરેશન જેના માટે ગર્વ લઈ શકે તેવા જૂની પેઢીના એક સાક્ષર અને અભ્યાસી થિયોસોફિસ્ટનો અત્રે પરિચય કરાવવો એટલા માટે યોગ્ય લાગે છે કે નવી પેઢીના આપણા સભ્યોને તો સ્વાભાવિક જ તેમના વિષે ખબર હોય નહિ અને જૂના પણ, કેટલાક વર્ષોથી જ વિદેશથી અહીં આવીને સ્થાયી થયેલા આપણા અગ્રણી સભ્યો પાસે પણ તેમના વિષે અલ્પ માહિતી જ હોય તે પણ બનવા જોગ છે.

તેમનું નામ સ્વ. શ્રી કપિલ પરમાનંદ ઠક્કર, તેમનો જન્મ ૧૮૯૨ માં અને નિધન ૧૯૫૯ માં. તેમના પિતાશ્રી પરમાનંદ ઠક્કર પણ એક સંનિષ્ઠ થિયોસોફિસ્ટ, એ ડૉ. બેસન્ટની પ્રેરણાથી ભાવનગરમાં સ્થપાયેલ સનાતન ધર્મ હાઈસ્કૂલના પ્રથમ હેડ માસ્ટર. તે જમાનામાં તેઓએ શ્રી જે. કૃષ્ણમૂર્તિના અને ડૉ. એની બેસન્ટનાં ઘણા બધા લખાણોના સુંદર ગુજરાતી તરજુમા કરેલા. સમગ્ર દેશ જેને ઠક્કર બાપાના લાડીલા નામથી એક જમાનામાં ઓળખતા તેવા સ્વ. શ્રી અમૃતલાલ ઠક્કર તે સ્વ. શ્રી કપિલ ઠક્કરના સગા કાકા. તેમના વિષે લખવાનો તો અવસર કે અવકાશ પણ નથી અને જરૂર પણ નથી. પણ ગાંધીજીના સ્વદેશાગામનથી પણ પહેલાં સ્વ. ઠક્કરબાપાએ દલિત સેવા પ્રવૃત્તિનો આરંભ તો કરી દીધો હતો અને સ્વ. શ્રી કપિલભાઈ યુવાન વયે પણ હરિજન રાત્રિ શાળા ચલાવતા તેટલો ઉલ્લેખ પૂરતો છે.

સ્વ. શ્રી કપિલભાઈ અંગ્રેજી અને ફારસી સાથેની એમ.એ.ની બેવડી ડિગ્રી ધરાવતા ભાવનગરની શામળદાસ કોલેજના વિદ્યાર્થી. ટેનીસના પારંગત ખેલાડી. જેને શામળદાસ કોલેજના જૂની તથા નવી પેઢીના વિદ્યાર્થીઓ પણ કદી ભૂલવાના નથી તેવા પ્રિ. ટી. કે. શહાણીના પરમ મિત્ર. સાહિત્ય જગતમાં સ્વ. શ્રી ઝવેરચંદ મેઘાણી અને સ્વ. શ્રી કપિલભાઈની મૈત્રીના દ્રષ્ટાંતો અપાય તેવી અજોડ મૈત્રી. જેમણે પોતાના એક એકથી ચડિયાતા એવા ૮૪ જેટલા અદ્ભૂત પુસ્તકોની ગુજરાતી સાહિત્ય જગતને ભેટ ધરી તેવા શ્રી મેઘાણીભાઈને કોલેજ જીવન દરમિયાન સાહિત્ય સર્જનમાં પ્રવેશ કરવાની પ્રેરણા સ્વ. કપિલભાઈએ પૂરી પાડી હતી.

કપિલ ઠક્કર ગુજરાતી સાહિત્ય જગતનું એક મોટુ નામ, ઉમાશંકર જોશી જેવા બહુશ્રુત વિદ્વાન પણ પોતાની શંકાનું સમાધાન ક્યારેક કપિલભાઈ પાસે કરાવતા. કપિલભાઈ ગુજરાતી ગઝલક્ષેત્રના પાયાના ગઝલકાર. 'મજનૂ' તેમનું તખલ્લુસ. 'સ્વપ્ન મંદિર' એ તેમનો મરણોત્તર કાવ્ય સંગ્રહ. અંગ્રેજી કવિ શેલી એ તેમનો પ્રિય કવિ. તેમની તમામ રચનાઓ તેમને કંઠસ્થ. શેલીનાં 'રીવોલ્ટ ઓફ ઈસ્લામ'થી પ્રેરાઈને કપિલભાઈએ ૮૦ પાનાનું અને ૧૪૦૦ પંક્તિઓનું એક સળંગ લાંબુ કાવ્ય ૧૯૪૨ માં પ્રગટ કર્યું જેનું નામ હતું "હીટલર્સ ટીઅર્સ". **Revolt of Islam** જેની કલ્પના ડૉ. બેસન્ટ તથા બીશપ લેડબીટરનાં પુસ્તકો વાંચીને ઉદ્ભવી હતી અને જેના વિશે 'જ્યોતિ' માટે સ્વતંત્ર લેખ લખી શકાય. જેની તે વખતના બ્રિટીશ વડાપ્રધાન સર વીસ્ટર્ન ચર્ચીલે પણ પ્રશંસા કરી હતી.

**સ્વ. પિતાશ્રી મોતી જે. લાલવાણી તથા સ્વ. માતુશ્રી આલુબેન એમ. લાલવણીની શાશ્વત યાદમાં...**
**સૌજન્ય : કુ. માયા લાલવાણી તથા શ્રી મીનુ લાલવાણી**

કપિલભાઈએ કવિ કલાપી તથા ઝવેરચંદ મેઘાણીનાં જીવન ચરિત્રો પણ આલેખ્યાં છે જે ગુજરાતી સાહિત્યમાં સર્વથી વધારે આધારભૂત ગણાય છે. સર એડવીન આર્નોલ્ડના ''પલ્સ ઓફ ફેઈથ''નું તેમનું સુંદર ભાષાન્તર ''ઈમાનના મોતી'' હજુ અપ્રગટ છે.


તેમના જીવનની તમામ પ્રવૃત્તિઓ ઉપર થિયોસોફીની ભરપૂર અસર હતી. વ્યવસાયે તેઓ શિક્ષણ સાથે જોડાયેલા. શરૂઆતમાં સનાતન ધર્મ હાઈસ્કૂલમાં અને પછીથી કોલેજમાં અંગ્રેજીના પ્રાધ્યાપક તરીકે સેવાઓ આપતા. કેટલાક વર્ષો સુધી ગુજરાત થિયોસોફિકલ ફેડરેશનના તમામ અધિવેશનની શરૂઆત કપિલભાઈ રચિત 'મહેમાનદારી' નામના ગેય ગઝલ ગીત સાથે હતી.

તેઓ ક્યારેય ફેડરેશનમાં કોઈ હોદ્દો ધરાવતા હોવાનું જાણમાં નથી. પણ ભાવનગર લોજમાં એક સ્થંભ તરીકે હંમેશાં કાર્યરત હતા.

સ્વભાવે એક સુફી સંત જેવા અને દેખાવે કોઈ અંગ્રેજી પાદરી જેવા આ એક વિદ્વાન થિયોસોફિસ્ટનો પરિચય તાજો કરીને તેમની સ્મૃતિને વંદન.

'ગુજરાત થિયોસોફિકલ ફેડરેશન'નું મૂળ નામ ''ગુજરાત કાઠિયાવાડ થિયોસોફિકલ ફેડરેશન'' હતું, તે ભાગ્યેજ હવે કોઈને ખબર હશે. તેનું ૨૨ મું અધિવેશન ભાવનગર ખાતે તારીખ ૮, ૯ અને ૧૦ સપ્ટેમ્બર ૧૯૩૭ માં ભરાયું હતું. મારા મધર પણ તેના એક સ્વયંસેવક હતા અને ફેડરેશન સત્કાર સમિતિ તરફથી તેમને 'શ્રી ગુરૂ ચરણે' સ્મૃતિ તરીકે ભેટ કરાયું હતું. જેની કિંમત ત્રણ આના હતી.

(મો. : ૯૭૧૪૦૦૨૬૯૯)


ગુજરાત કાઠીયાવાડ થીઑસૉફીકલ ફેડરેશન
૨૨ મું સંમેલન, ભાવનગર
તા. ૮, ૯ અને ૧૦ સપ્ટેમ્બર ૧૯૩૭
સ્વયંસેવાની યાદીમાં
........................................ ને
ફેડરેશન સત્કાર સમિતિ તરફથી સસ્નેહ ભેટ

**મહા સૌજન્ય :**

સનાતન ધર્મસભા લોજ, સુરતના ઉપ-પ્રમુખ તથા નેશનલ લેક્ચરર શ્રી નરસિંહભાઈ ઠાકરિયા રૂા. ૧૦૦૦/- મહા સૌજન્ય સ્વરૂપે જી.ટી.એફ. જ્યોતિ પ્રકાશન ફંડને દાન આપે છે.

''થિયોસોફિક જ્યોતિ'' શતાબ્દિ વર્ષની સફરમાં તેમને તથા તેમના સર્વે કુટુંબીજનોને ખાસ કરીને શ્રીમતિ આરતી રાજેશ ઠાકરિયા તથા પૌત્ર શ્રી દિવ્યરાજ ઠાકરિયાને અભિનંદન તથા શુભેચ્છા પાઠવે છે.


શ્રી દિવ્યરાજ ઠાકરિયા

**સ્વ. કલાબેન કાંતિલાલ પટેલના સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી કાંતિલાલ પી. પટેલ, સનાતન લોજ, સૂરત**

# સાગર પંખી

*પ્રસ્તુતિ*
શ્રીમતિ પરવીન પટેલ
*રેવા લોજ, વડોદરા*

*ગતાંકથી આગળ...*

તેટલામાં ફ્લેચર આંખો મટમટાવીને પાંખો સંકેરે છે અને આજુબાજુ એકત્રિત થયેલાં સીગલો કહે છે કે મૃત્યુ પામેલો તે સજીવન થયો. મહાન ગલના પુત્રે સ્પર્શથી તેને જીવાડ્યો, છતાં તે ના પાડે છે માટે દાનવ છે અને બધાં તેને ચાંચ મારવા તત્પર બન્યાં. ‘‘અહીંથી થોડેક દૂર જઈશું તો તને ઠીક લાગશે, ફ્લેચર ?’’ અને બન્ને ટોળાંથી દૂર જાય છે. જોનાધન કહે છે, ‘‘આ જગતમાં અત્યંત મુશ્કેલ બાબત એ છે કે વિહંગ મુક્ત છે તે માટે લોકોને ખાત્રી કરાવવી અને પ્રત્યેક તે અંગે પ્રયત્ન કરે તો જરૂર સાબિત કરી શકે.’’ ફ્લેચર પૂછે છે, ‘‘આપણે અહીં કેવી રીતે આવ્યા ?’’ જોનાધન કહે છે ‘‘બીજી બધી બાબતોની જેમ મહાવરાથી.’’ ચમત્કાર જેવું વિશ્વમાં કશું જ નથી. બધું જ નિયમબદ્ધ છે. માત્ર અદૃશ્ય જગત અને ભુવનોના પોતાના અંગત નિયમો છે, જે તે અજ્ઞાનીને તે ચમત્કારરૂપ ભાસે છે.

પ્રભાત થતાં પક્ષીઓ પોતાનાં ઘેલાં ઝનૂનને ભૂલી ગયાં, પણ ફ્લેચર ભૂલી નહિ શક્યો. તે કહે છે, ‘‘એકવેળા પક્ષીગણ તરફ પ્રેમભાવથી પાછાં ફરી તેમને મદદ કરવા જણાવ્યું હતું, પણ જે ટોળું ગાંડુ બનીને જાનહાનિ પહોંચાડવા ઈચ્છે તેને શી રીતે પ્રેમ કરી શકાય ? જોનાધન પ્રત્યુત્તર વાળે છે, અરે ફ્લેચર, તું તિરસ્કાર કરનાર અને પાશવીને પ્રેમ નથી કરી શકતો ? તારે પ્રયત્ન કરવાનો છે અને પ્રત્યેકમાં વસેલાં તે મહાન સીંગલને તેઓની ભલાઈને (વિશિષ્ટતાને) જોવાની છે અને તેમને પણ તે મુજબ જોતાં શીખવાડવાનું છે. તેને જ હું પ્રેમ કરું છું. તેમાંજ આનંદ મળે છે ! સૌને આ પ્રશ્ન વારંવાર મૂંઝવે છે, જે શુભ સરળ હોય તેને તો પ્રેમ કરી શકાય, પણ જીવનમાં પ્રતિપળે તિરસ્કાર, ગેરસમજૂતી, પાશવતા વગેરે વાતાવરણમાંથી પ્રત્યાઘાતરૂપે આવીને ટકરાય છે ત્યારે મોટેભાગે આપણે સૌ તે જ મુજબ પ્રત્યુત્તર વાળતા લલચાઈએ છીએ. જે જાગૃત છે તે જ કોઈપણ જાતનો અંતરાય રાખ્યા સિવાય મુક્ત રીતે વર્તાવ કરે છે. એ તો પોતાની અંદરના શુભને કામે લગાડે છે અને સામી વ્યક્તિની અંદરનાં શુભને જગાડે છે ! અહીં સાધકનું આચરણ કેવું હોવું જોઈએ તે વિશે માર્મિક પણ સ્પષ્ટ ઉલ્લેખ છે.

જોનાધન હવે ફ્લેચરને જણાવે છે કે, એક વેળાનું નાનું બાળપંખી પોતાના સાથીદારોથી ન્યાતબહાર થયું હતું અને છેવટ સુધી લડી લેવાનાં વિચારો કરતું હતું. તે જ આજે તેઓની દોરવણી અંગે શિક્ષક (**Instructor**) બનવા તૈયાર થયો છે. ફ્લેચર આશ્ચર્યપૂર્વક જણાવે છે, ‘‘હું તો સાદું સીંગલ તે શિક્ષક બને ? તું છોડીને જનાર છે ? તું તો...’’ જોનાધન વચ્ચેથી જ પ્રત્યુત્તર વાળે છે. ‘મહાન સીંગલનો પુત્ર, ખરું ને ! તને હવે મારી જરૂર નથી રહી. તારી અંદર શોધને આગળ ધપાવજે. સાચાં અસીમ ફ્લેચર સીંગલની દિશામાં રોજ પ્રયત્ન વધારજે, તેજ તારો ગુરુ છે. ત્યારે તે સમજવાનો છે. તે અંગે પ્રયત્ન કરવાના છે.’’ શિષ્ય જીવનનાં મર્મને સમજતો

**સૌજન્ય : સ્વ. નિર્મળાબેન જી. સોનેજીના સ્મરણાર્થે !**
**સ્વ. શ્રી ઘનશ્યામભાઈ જે. સોનેજીના સ્મરણાર્થે, અમદાવાદ લોજ**

થાય તે મુજબ જીવતો થાય, એક પછી એક પોતાની સીમાઓને પાર કરતો જાય ત્યાર પછી તેને બાહ્ય ગુરુની જરૂરત નથી રહેતી. તે પોતાની અંદરથી સત્યને પામી શકે છે. પ્રગટાવી શકે છે. અલબત્ત આ કક્ષા અચાનક નથી આવી જતી. બાહ્ય પ્રયત્નોની શરૂઆતમાં આવશ્યકતા છે, બહારની મદદનીય જરૂર રહે છે, શિક્ષકરૂપી દિશાસૂચકની આવશ્યકતા રહે છે. પણ તે સ્વાવલંબી થઈ જાય પછી તેણે પોતેજ પોતાનાં આંતરિક બળ અને હિંમત ઉપર આધાર રાખીને પોતાનાં અસ્તિત્વનાં મર્મને પામવાનો છે. ત્યારે જ તે માર્ગ ઉપર ચાલવા તૈયાર થયો ગણાય. માર્ગની તલાશ ક્યાંય બહાર નથી કરવાની. પોતાની અંદર જે ગુપ્ત છે તેનેજ પ્રગટાવવાનું છે, જ્યાં સંવિતના ઊંડાણને તે સ્પર્શે છે. તે સ્વયં માર્ગ છે ! જીવનની પ્રતિક્ષણે સામે આવતા પડકારમાં એની પોતાની સનમ કે વિભૂતિનો સાક્ષાત્કાર કરી શકે છે. આજ રહસ્યવાદ છે જેની અનુભૂતિ અહીં અને આ પળમાંજ છે. (ક્રમશઃ)

(મો. : ૯૮૯૮૫૧૨૧૪૬)

---

(ધી હિડન સાઈડ..... પાના-૦૮ ઉપરથી ચાલુ)

સ્ત્રીએ પોતાની જાતને એસ્ટ્રલ અસરો માટે ખુલ્લી મૂકી ન હોત. ધી સિક્રેટ ડોક્ટ્રીનનાં વર્ગ અને તેનાં વિચારરૂપો, પરિષદમાં હાજર બીજા મૃત વ્યકતિઓ અને નેચર–સ્પિરીટ, બધાંએ આમાં પોતાનો ભાગ ભજવ્યો હતો. જો આમાની એક પણ વસ્તુ ગેરહાજર હોત તો સંપૂર્ણ ઘટનાએ અલગ જ રીતે આકાર લીધો હોત.

યોગ્ય તાલિમ વગર આવો કોઈ પણ પ્રકારનો પ્રયોગ કરવો ન જોઈએ. સારી ભાવનાવાળા લોકો પણ આ રસ્તે ગેરમાર્ગે દોરાઈ જાય છે. તેઓ ભ્રમિત થઈ જાય છે. સ્વામી વિવેકાનંદનાં જે પુસ્તકનું આમાં વર્ણન છે તેમાં પણ શ્વાસોચ્છવાસની જે–તે પ્રક્રિયાનો યોગ્ય તાલિમ વગર પ્રયોગ ન કરવો જોઈએ તેવો ઉલ્લેખ છે. આ બધુ અવગણીને પણ લોકો આવાં પ્રયોગો કરતાં રહે છે.

છતાંય અહીં એ નોંધવું જોઈએ કે આપણી સંવાદદાતા સ્ત્રી માટે આ પ્રયોગનું પરિણામ સારું હતું. જે કોઈ પણ દ્રશ્યો તેને દેખાયાં તે ભ્રમણાં જ હતી પરંતુ જે કોઈ પણ ઊંડી લાગણીઓ ઉઠી હતી તેનાથી ઘણાં બધાં સારા કાયમી પરિણામો નિપજ્યાં હતાં. આધ્યાત્મિક વિકાસ માટેનો ઉત્સાહ કોઈ પણ ભોગે નિઃસ્વાર્થ મદદ કરવાની ભાવના – આ બધી લાગણીઓ પોતાનામાં જ એક શક્તિ છે. જ્યારે આ લાગણીઓ ઉદ્‌ભવે છે ત્યારે તે ઉચ્ચ ભુવનોમાંથી પણ પ્રતિભાવોને આકર્ષે છે. પરંતુ આ બધું તેમજ તેનાથી પણ ઉચ્ચ કોટીનો આધ્યાત્મિક વિકાસ આટલા બધાં દર્દ તેમજ જોખમો વગર પણ હાંસલ કરી શકાય છે. આવાં જોખમભર્યા પ્રયોગો પાછળ પોતાની ઊર્જા વેડફવા કરતાં આપણે એવી સામાન્ય પ્રક્રિયાઓ પાછળ ઊર્જા ખર્ચવી જોઈએ કે જે સમજણનાં માર્ગ પર યુગોથી માન્યતા પામેલ છે. કોઈપણ પ્રકારનાં યોગ્ય માર્ગદર્શન વગર પોતાની જાતને અજાણ્યાં જગતની સામે ખુલ્લી મૂકી દેવી એ એક મોટું જોખમ છે. આવું જોખમ કોઈએ પણ ન ખેડવું જોઈએ. યુગો પુરાણાં જૂનાં માર્ગો હંમેશા ખુલ્લા જ છે અને જૂની કહેવત હજુ પણ એટલી જ સાચી છે. "જ્યારે શિષ્ય તૈયાર થઈ જાય છે ત્યારે ગુરુ પ્રગટ થાય છે." **(When the pupil is ready the Master appears)** (ક્રમશઃ...)

(મો. : ૮૯૮૦૯૪૨૫૧૫)

---

**સૌજન્ય : શ્રી ફખરૂદ્દીનભાઈ ટી. કપાસી**

**ભાવનગર લોજ**


સ્વ. ભાસ્કરભાઈ ભટ્ટ

## શ્રદ્ધાંજલિ

અમદાવાદ લોજના સભ્ય શ્રી ભાસ્કરભાઈ છગનલાલ ભટ્ટ તા. ૧.૪.૨૦૨૨ ને શુક્રવારે અવસાન પામ્યા. તેમનો ડિપ્લોમા નં. ૭૯૩૮૦ છે. તેઓ અમદાવાદ લોજમાં તા. ૧૪.૧૨.૧૯૯૫ ના રોજ જોડાયેલાં. અમદાવાદ લોજે એક નિષ્ઠાવાન અને પ્રતિષ્ઠિત વ્યક્તિ ગુમાવેલ છે.
સ્વર્ગસ્થનો આત્મા ખૂબ જ પવિત્ર હતો. તેમના જીવનમાં અનેક સંત મહાત્માઓનો પ્રભાવ રહ્યો છે, જેવા કે રામકૃષ્ણ પરમહંસ, સ્વામી શિવાનંદ, શ્રી અરવિંદ, પૂ. મોટા, જે કૃષ્ણમૂર્તિ, વિગેરે. થિયોસોફિકલ સોસાયટી, માનવ પરિવાર, હરી ૐ સત્સંગ, સદાશિવ ગાયત્રી આશ્રમ, ચિન્મય મિશન, શ્રી અરવિંદ મિશનની પ્રવૃત્તિઓ અને શ્રી જે. કૃષ્ણમૂર્તિના સાહિત્યના અભ્યાસુ તરીકે સતત પ્રવૃત્તિશીલ રહીને તેમણે નિવૃત્તિને એક પ્રવૃત્તિમય જીવન બનાવી દીધેલું. જેથી તેમની અનોખી પ્રતિભા ઉત્પન્ન થયેલી. તેમની અંતિમ ક્રિયા પણ મંત્રોચ્ચાર સાથે કરવામાં આવી.
તેઓ સાચે જ આધ્યાત્મકિ જીવન જીવતાં. તેમનાં પોતાના કુટુંબજીવનમાં જે દુઃખ આવી પડેલું તેને એક સ્વસ્થ થિયોસોફિસ્ટ અને આધ્યાત્મપંથી તરીકે સહન કરીને અનેરું ઉદાહરણ પૂરું પાડેલું. 'થિયોસોફિક જ્યોતિ'માં તેમના ઘણાં લેખો મુદ્દાસર અને ક્રમશઃ સ્વરૂપે પ્રકાશિત થયેલાં. અમદાવાદ લોજને ઉદાર હાથે સખાવતા કરતાં. જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે યોગ્ય માર્ગદર્શન પણ આપતાં. તેમની નિયમિત હાજરી અન્ય સભ્યો માટે પ્રેરણા બની રહેતી. મિતભાષી, સહૃદયી તથા સર્વમિત્ર ભાસ્કરભાઈના સૌજન્યથી અમદાવાદ લોજના સ્થાપના દિનની ઉજવણી થતી. અમદાવાદ લોજ તથા રોહિત લોજના નિયમિત પ્રવચનકાર તરીકે ઘણાં અભ્યાસસભર અને ગહન વિષયોને ન્યાય આપતાં. અગાઉનાં સમકાલીન બંને લોજનાં મૂર્ધન્ય સભ્યો સાથેની તેમની મૈત્રી અતુલનીય હતી જે અંગે વર્તમાન સભ્યો પણ ગૌરવ અનુભવે છે અને સાથે સાથે ઊંડા શોકની લાગણી અનુભવે છે. આપણી વચ્ચે હવે સ્વર્ગસ્થ સ્મૃતિ સ્વરૂપે છે. દિવંગતના કુટુંબીજનોને ઈશ્વર આ દુઃખમાં સહાય કરે અને સ્વર્ગસ્થનાં આત્માને ચિર શાંતિ અને પ્રગતિ પ્રાપ્ત થાય તેવી લોજના તેમજ ફેડરેશનનાં સૌ સભ્યો પ્રાર્થના કરીને શ્રદ્ધાસુમન અર્પે છે.

## શ્રદ્ધાંજલિ

રાજપીપળા થિયોસોફિકલ સોસાયટીના અધ્યક્ષ શ્રી પ્રશાંતકુમાર પ્રવિણભાઈ પંડ્યા તા. ૫.૪.૨૦૨૨ ના બુધવારે અવસાન પામ્યા છે. સ્વર્ગસ્થે તા. ૧૪.૬.૨૦૨૧ ના રોજ સભ્યપદ માટે પ્રવેશ ફોર્મ ભરેલું. હજુ ડિપ્લોમા આવેલ નથી. સદ્‌ગત જાણે કે થિયોસોફિકલ સાહિત્યનાં અભ્યાસ માટે જ સભ્ય બન્યા હોય તેમ જ્યારથી સભ્ય બન્યા ત્યારથી 'થિયોસોફિક જ્યોતિ'ના જૂના અંકો, શ્રી હરજીવન સૌરભ, જ્ઞાનમંજરી તથા શ્રી ગુરુ ચરણેનું યથાર્થ વાંચન કરેલું. તદ્‌ઉપરાંત શ્રીમદ્ ભગવદ્ ગીતાનો પણ અભ્યાસ કર્યો અને ચર્ચા કરેલી. સ્વર્ગસ્થના કુટુંબીજનોને આ દુઃખની ઘડીમાં સાંત્વન પ્રાપ્ત થાય તથા સ્વર્ગસ્થના આત્માને ચીર શાંતિ અને દૈવી પ્રગતિ પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના લોજ તથા ફેડ.ના સૌ સભ્યો કરે છે અને શ્રદ્ધાસુમન અર્પે છે.

## શ્રદ્ધાંજલિ

શ્રી પૂર્ણાનંદ લોજ, પેટલાદના સભ્ય શ્રી પંકજભાઈ એ. મકવાણાનું તા. ૧૪.૪.૨૦૨૨ ના રોજ હૃદયરોગના હુમલાને કારણે અવસાન થયું છે. લોજના સભ્યો તથા ફેડ.ના સભ્યો ઊંડા શોકની લાગણી અનુભવે છે. સ્વર્ગસ્થનો ડિપ્લોમા નં. ૧૦૨૦૦૫ છે. સ્વર્ગસ્થના કુટુંબીજનોને આવી પડેલ દુઃખની ઘડીમાં સાંત્વના પ્રાપ્ત થાય તથા પરમાત્મા સદ્‌ગત પંકજભાઈના આત્માને પરમ શાંતિ અર્પે એવી પ્રાર્થના લોજના તથા ફેડ.ના સૌ સભ્યો કરે છે અને શ્રદ્ધાસુમન અર્પે છે.

# જે. કૃષ્ણમૂર્તિ ભાગ-૧ સંસ્મરણ અને વ્યક્તિત્વ

(મૂળ લેખક : પી.કૃષ્ણા, • અનુવાદક : શ્રી હર્ષદ દવે)

પ્રસ્તુતિ
શ્રી હર્ષદ દવે
રેવા લોજ, વડોદરા

*ગતાંકથી આગળ...*



આપણે જે કહીએ તેનાથી એ ગુણવત્તાની અનુભૂતિ નથી કરાવી શકાતી તો એવી ચેતનાનું વર્ણન કેવી રીતે કરી શકાય ? તેમનાથી વધારે સારા વક્તાઓ અનેક છે, એવા લોકો પણ છે જે તેમના શિક્ષણને વધારે તાર્કિક રીતે સમજાવી શકે, પરંતુ આવી ક્ષમતા બહુ જ નાની વાત છે. એ ચેતનાની ગુણવત્તા, તેમનો પ્રેમ, તેમની મુક્તિ, તેમની કરુણા, એ સઘળું ખાસ છે.

આપણે સહુ ભાગ્યશાળી છીએ કે એવી હસ્તીનો સંપર્ક થયો. તમે તેને થિયોસોફિસ્ટ માનો કે નહીં એથી કોઈ ફરક નથી પડતો, તેઓ થિયોસોફીકલ સોસાયટીમાં રહે કે નહીં, એ બધી ગૌણ વાતો છે. આવો આત્મા સમગ્ર વિશ્વનો હોય છે, કોઈ દેશ કે સમાજનો નહીં. જે દેશમાં આવી વ્યક્તિએ જન્મ લીધો, જે સ્કૂલ અથવા સોસાયટીમાં મોટી થઈ, તેઓ ભલે ને એમ માનતા હોય કે તેઓએ એમના વ્યક્તિત્વનું સર્જન કર્યું, પરંતુ કોણ કહી શકે કે તેઓ જે હતા તે જે વાતાવરણમાં મોટા થયા તેને કારણે હતા કે પછી તે કારણ હોવા છતાં ? અચ્યુતજીએ મને એક વાર કહ્યું કે સમગ્ર જગતના આંસુઓના જવાબમાં વિશ્વગુરુનો જન્મ થાય છે. એટલા માટે તે સમગ્ર જગતના હોય છે. શ્રીમતી બેસન્ટે અચ્યુતજીને કહ્યું હતું, 'કૃષ્ણજી જે કહે છે તેનો ક્યારેય અસ્વીકાર ન કરવો, ભલે ને પછી તમારો વિચાર તેમનાથી ગમે તેટલો અલગ હોય, કારણ કે તે ચેતના બહુ દૂર સુધી જોઈ શકે છે. હું પોતે પણ તેમના કહેવાનો ક્યારેય અવહેલના કે અનાદર નથી કરતી. જો સમજાય નહીં તો તેને એક પ્રશ્નની જેમ મારા મનમાં રાખું છું.'

એ થિયોસોફીકલ સોસાયટી અને કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશનનું સૌભાગ્ય છે કે તેઓને એવી વ્યક્તિની સારસંભાળ કરવાનો અવસર મળ્યો, તેમના પુસ્તકો અને વક્તવ્યોને પ્રકાશિત કરી આખી દુનિયામાં ઉપલબ્ધ કરાવવાનો અને તેમને સાંભળવાનો તથા તેમના સાન્નિધ્યમાં રહેવાનો અવસર પ્રાપ્ત થયો. આજના સમયમાં એવા માણસનો સંપર્ક થવો એ બહુ જ દુર્લભ વાત છે.

કોઈએ કૃષ્ણજીને પૂછ્યું, 'તમે ક્યાં રહો છો ?' તો તેઓએ જવાબ આપ્યો, 'ઋષિઓની ગુફામાં.' તેઓ ત્યાંના હતા. (પ્રકરણ : ૨ – (૧))

### કૃષ્ણમૂર્તિ સાથે અંગત સંવાદ

'તમારી બુદ્ધિ તમારા હૃદયમાં રાખો. તેની બહાર તેનું કોઈ મૂલ્ય નથી.' – કૃષ્ણમૂર્તિ, મુંબઈ ૧૯૮૪

નવેમ્બર ૧૯૮૫ ના પહેલા અઠવાડિયામાં, બનારસ હિન્દુ વિશ્વવિદ્યાલયમાં, મારા માટે એક ફોન આવ્યો કે કૃષ્ણ રાજઘાટ આવ્યા છે અને મને તથા મારી પત્નીને સાતમી તારીખે લંચ પર બોલાવવા ઈચ્છે છે.

**સ્વ. હર્ષવીણાબેન હસમુખભાઈ પંડ્યાના સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી હસમુખભાઈ જે. પંડ્યા, અમદાવાદ લોજ**

મને આશ્ચર્ય ન થયું કારણ કે તેની પહેલાના દિવસે જ અમે તેમને ૫ વર્ષો સુધી મળ્યા ન હતા કારણ કે પોતાની મુસાફરી ઘટાડવા માટે તેઓ બનારસ આવવાનું બંધ કર્યું. અમે તેમને ૧૯૮૦ માં બ્રોકવુડમાં મળ્યા હતા કારણ કે હું એક વર્ષ માટે ઇંગ્લેન્ડની બ્રિસ્ટલ યુનિવર્સિટીમાં સંશોધન કાર્ય કરવા માટે ગયો હતો. ત્યાંથી અમે તેમનું ભાષણ સાંભળવા માટે બ્રોકવુડ ગયા હતા.

તેમનું નિમંત્રણ મેળવીને અમને બહુ જ આનંદ થયો અને અમે તેમને મળવા માટે રાજઘાટ ગયા. કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશનનાં કેટલાયે વરિષ્ઠ ટ્રસ્ટીઓ પણ ત્યાં ઉપસ્થિત હતા. કૃષ્ણજીએ અમને પોતાની પાસે બેસાડ્યા અને તેઓ ધ્યાનથી એ જોતા રહ્યા કે હું કેવી રીતે ભોજન કરું છું. તેમણે એ જોયું હશે કે હું બદામનો હલવો ખૂબજ પ્રેમપૂર્વક ખાઉં છું કારણ કે તેમણે મને આપવા માટે બીજો હલવો મંગાવ્યો અને પૂછ્યું કે મેં તે આ પહેલાં પણ ક્યારેય ખાધો છે ? મેં કહ્યું, 'નહીં સર, આ બહુજ મોંઘી ડીશ છે અને અમે તેને ઘરે નથી બનાવતા.' ભોજન પૂરું થયું ત્યારે તેમણે કહ્યું, 'સર, મારે તમારે બંને સાથે થોડી ખાસ વાત કરવી છે, શું તમે મારા ઓરડામાં આવશો ?' અમે તેમની સાથે તેમના ઓરડામાં ગયા અને ત્યાં જેણે મારા જીવનની દિશા સંપૂર્ણપણે બદલાવી નાખી એવો આ વાર્તાલાપ થયો.

મેં આ વાર્તાલાપને તેમાં કોઈપણ કાપકૂપ વગર અક્ષરશઃ લખ્યો છે, કારણ કે તે એ દર્શાવે છે કે એક ધાર્મિક મન કેવી રીતે પોતાની સંસ્થાના વાદની પસંદગી કરે છે અને એ પણ કે કૃષ્ણજીને દુનિયાદારીની વાતોની પણ સારી એવી સમજ હતી. તેમણે કહ્યું છે કે એક ધાર્મિક મન બધું જ કામ કરી શકે છે, પરંતુ તે એ કામ કરવાની રીત બદલી નાખે છે ! તેઓ પોતાના સાથીઓની સાથે એ જ રીતે સ્નેહ, કરુણા, જવાબદારી અને આદર સાથે આજીવન નિઃસ્વાર્થ વ્યવહાર કરતા રહ્યા.

### ચાંદીની તાસકમાં રાખેલો મણિ

(રાજઘાટ, વારાણસીમાં કૃષ્ણજીના ઓરડામાં ૭ નવેમ્બર, ૧૯૮૫ ના રોજ તેઓ, કૃષ્ણા અને મીનાક્ષી વચ્ચે થયેલો વાર્તાલાપ)

કૃષ્ણમૂર્તિ : સર, શું હું સ્પષ્ટપણે એ કહી દઉં કે મેં તમને આજ શા માટે બોલાવ્યા છે ?

કૃષ્ણા : અવશ્ય કહો, સર ?

કૃષ્ણમૂર્તિ : સર, હું વધારે દિવસ જીવી શકું તેમ નથી. મને ખબર છે કે મારે ક્યારે જવાનું છે પરંતુ હું એ કોઈને કહેવાનો નથી. જતાં પહેલાં હું મારા ઘરને વ્યવસ્થિત કરીને જવા ઈચ્છું છું અને તમને આ જગ્યાની જવાબદારી સોંપવા માગું છું. આ એક પરમપાવન સ્થળ છે જેને શ્રીમતી બેસન્ટે મારા હાથોમાં સોંપ્યું હતું અને હું તમને સોંપવા ઈચ્છું છું. શું તમે એ જવાબદારી સ્વીકારશો ?

કૃષ્ણા : સર, હું તમારી ઉદારતાથી અભિભૂત છું, પણ હું પૂરેપૂરું એ નથી જાણતો કે તેમાં શાનો સમાવેશ થાય છે અને મારી જવાબદારી શું હશે. ન તો હું આ જગ્યા વિષે જાણું છું કે ન તો મને એ ખબર છે તમે મારી પાસેથી શી આશા રાખો છો.

---

**સ્વર્ગસ્થ સવિતાબેન ડાહ્યાલાલ પંડ્યાના સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી ઉમેશભાઈ ડાહ્યાલાલ પંડ્યા, હરજીવન (આશ્રમ) લોજ, કડોલી**

કૃષ્ણમૂર્તિ : હું કહું છું. હું ઈચ્છું છું કે તમે અહીં આવીને રહો, આને આજીવન તમારું ઘર બનાવો. તમે સમજી રહ્યા છો – જીવનભર માટે આ તમારું છે, તેને બનાવો, તેને માટે જે પણ કરવા ઈચ્છો તે કરો. હું ચાંદીની તાસક પર રાખીને એક મણિ તમને સોંપી રહ્યો છું અને પૂછું છું કે તમે તે લેશો ?

કૃષ્ણા (સ્તબ્ધ થઈને) : સર, તમે મારા વિષે બહુ ઓછું જાણો છો; તમારે મારા પર આટલો બધો વિશ્વાસ ન મૂકવો જોઈએ.

કૃષ્ણમૂર્તિ : એમ ન કહો. હું તમને સારી રીતે જાણું છું અને મને તમારા પર પૂરો વિશ્વાસ છે.

કૃષ્ણા : પણ સર, હું સાવ સામાન્ય વ્યક્તિ છું. મને એ પણ ખબર નથી કે તમે જે ઈચ્છો છો તે હું કરી શકીશ કે કેમ.

કૃષ્ણમૂર્તિ (વચ્ચે રોકીને) : સર, સર, હું પણ એક સામાન્ય વ્યક્તિ છું. આવું બધું ન કહો. જો એક પિતા પોતાના પુત્રને મૃત્યુ સમયે કાંઈક આપવા ઈચ્છે તો પુત્ર તે લેવાની ના નથી પાડતો, તે તો સ્વીકાર કરે છે. એવી રીતે લો, તમને એ રીતે મળી રહ્યું છે.

કૃષ્ણા (આંખોમાં અશ્રુ સાથે) : હું ના નથી પાડતો સર. હું તમારા માટે એમ કરવા ઈચ્છું છું પણ હું ચોક્કસપણે એ ખબર નથી કે હું કરી શકીશ કે કેમ ? આ કાર્ય માટે શું હું યોગ્ય વ્યક્તિ છું ? હું તો સાવ નાનો, અનુભવ વગરનો માણસ છું.

કૃષ્ણમૂર્તિ : સર, જ્યારે મને આપવામાં આવ્યું ત્યારે હું તો તમારાથી પણ નાનો હતો.

કૃષ્ણા : હા, પણ એની બેસન્ટને તો ગુપ્ત દિવ્ય સૂચનાઓ મળી હતી.

કૃષ્ણમૂર્તિ (સ્મિત કરતાં) : નહિ, નહિ. તમે જાણો છો કે હું એ બધી વાતોમાં વિશ્વાસ નથી કરતો.

કૃષ્ણા : સર, આપણે રાધાજીની સલાહ લઈ શકીએ. તેઓ મને સારી રીતે ઓળખે છે અને ફાઉન્ડેશનને પણ. તેઓ કદાચ કહી શકે કે હું આ કામ માટે યોગ્ય વ્યક્તિ છું કે નહીં.

કૃષ્ણમૂર્તિ : રાધા કોણ સર ?

કૃષ્ણા : રાધા બર્નિયર, જે થિયોસોફીકલ સોસાયટીના પ્રેસિડેન્ટ છે. તેઓ મને અને તમને, બંનેને સારી રીતે જાણે છે.


કૃષ્ણમૂર્તિ : નહીં સર, મારે સલાહની જરૂર નથી. હું એ રીતે કામ નથી કરતો. હું ક્યારેય એ રીતે જીવ્યો નથી. મારા બધા નિર્ણયો મારા હૃદયના હોય છે.

કૃષ્ણા : સર, મને વિચારવા માટે થોડો સમય આપો. હું તપાસ કરીશ કે અહીં શું શું છે, મારે શું કરવાનું રહેશે અને હું શું કરી શકું તેમ છું. હું સારી રીતે કરી ન શકું એવું કોઈ કામ હાથ પર લેવા નથી ઈચ્છતો. હું તમને છેતરવા નથી ઈચ્છતો.

(મો. : ૮૭૫૮૭૪૬૨૩૬)

ચંદ્રિકા ગુંજન સ્મૃતિ ફાઉન્ડેશન (પબ્લિક ટ્રસ્ટ)
સૌજન્ય : શ્રી વિજયકુમાર જગદીશચંદ્ર ભટ્ટ, ગાંધીનગર લોજ

**મહા સૌજન્ય :**



શ્રી દિવ્યેશભાઈ મહેતા

અમદાવાદ લોજના સભ્ય શ્રી દિવ્યેશભાઈ મહેતા 'થિયોસોફિક જ્યોતિ'ની શતાબ્દિક યાત્રાને શુભેચ્છા મહા સૌજન્ય પાઠવે છે. ૧૦૧ માં વર્ષની નિરંતર યાત્રામાં સહભાગી થઈને રૂા. ૫૦૦૦/- જી.ટી.એફ. જ્યોતિ પ્રકાશન ફંડને દાન આપીને ગૌરવની લાગણી અનુભવે છે.

શ્રી દિવ્યેશભાઈ બી.કોમ. અને એમ.એ. (ઈકોનોમિક્સ)ની ડિગ્રી પ્રાપ્ત કરીને એ.એમ.ટી.એસ.માં જોડાયાં. સાત વર્ષ સેવા આપ્યા બાદ એલ.આઈ.સી.માં જોડાયા. ત્યાં ૩૧ વર્ષની દીર્ઘ સેવાઓ બજાવી. ૨૦૦૪માં અમદાવાદ લોજનાં સભ્ય બન્યાં. થિયોસોફિક કાર્ય માટે તેમની તત્પરતા ખરેખર આશ્ચર્યકારક રહેલી, કારણ કે તેમના દોઢ વર્ષના સભ્યપદ બાદ અચાનક અમદાવાદ લોજના તત્કાલીન મંત્રીશ્રીનું અવસાન થવાથી તેમને મંત્રી તરીકેની જવાબદારી સોંપવામાં આવી. સાડા ત્રણ વર્ષ સુધી મંત્રીની ફરજો નિભાવી ત્યારબાદ ચાર વર્ષ સુધી લોજનાં ઉપપ્રમુખ તરીકેનો કાર્યભાર સંભાળ્યો.

શ્રી દિવ્યેશભાઈ મહેતા પોતાની મર્યાદાઓને નિખાલસપણે સ્વીકારે છે તેથી પ્રમુખપદનો અસ્વીકાર કર્યો. પરંતુ આજદિન સુધી કારોબારીના સભ્ય તરીકે સક્રિય છે. અમદાવાદ લોજની પ્રવૃત્તિઓમાં ખાસ કરીને લોજના પ્રવાસ કાર્યક્રમ અને પુસ્તક પ્રકાશનની ફરજને સુપેરે ખંતથી નિભાવી છે. પોતે વાંચનનો શોખ ધરાવે છે, તેથી સ્વ. બાબુલાલ શાહે તેમની જે. કૃષ્ણમૂર્તિ, ડો. રોહિત મહેતા તથા થિયો. સોસા.ના સાહિત્યના ત્રીસ જેટલાં પુસ્તકો ભેટ આપેલાં. શ્રી દિવ્યેશભાઈએ આ ઉપરાંત ૩૫૦ જેટલાં પુસ્તકોનું વાંચન કરી આપણા 'થિયોસોફિક જ્યોતિ' માટે થોડું ઘણું લખવાનું ચાલુ રાખ્યું છે. અમદાવાદ લોજ તરફથી ફેડ. કાઉન્સિલના મેમ્બર તરીકે બે વર્ષ સુધી સેવા આપી છે. 'થિયોસોફિક જ્યોતિ' તરફથી શ્રી દિવ્યેશભાઈને 'શતાબ્દિ સફર'ની શુભેચ્છાઓ. (મો. : ૯૪૨૭૪૧૯૮૫૩)

---

**મહા સૌજન્ય :**



શ્રી ગોવિંદભાઈ મોદી

અમદાવાદ લોજના સભ્ય શ્રી ગોવિંદભાઈ અંબાલાલ મોદી 'થિયોસોફિક જ્યોતિ'ની 'શતાબ્દિ યાત્રા'ને શુભેચ્છા મહા સૌજન્ય પાઠવે છે. ૧૦૧ મા વર્ષની નિરંતર યાત્રામાં સહભાગી થઈને રૂા. ૧૦,૦૦૦/- જી.ટી.એફ. જ્યોતિ પ્રકાશન ફંડને સૌજન્ય સ્વરૂપે દાન આપીને ગૌરવની લાગણી અનુભવે છે.

શ્રી ગોવિંદભાઈનો જન્મ ૨૦.૧૦.૧૯૩૪ ના રોજ થયેલો. તેઓ બી.એ. (ગુજરાતી-સંસ્કૃત) તથા એમ.એ. (ગુજરાતી-હિન્દી), બી.એડ્. (અંગ્રેજી-હિન્દી), એસ.ટી.સી. (હિન્દી-અંગ્રેજી), એલ.એલ.બી. (સ્પેશીયલ)ની ઉત્તમ શૈક્ષણિક શ્રેષ્ઠતાની ડિગ્રીઓ ધરાવે છે. તે ઉપરાંત કોવિદ, વિનીત, ભૂષણની પરીક્ષાઓ ઉત્તીર્ણ કરેલી. સામાજિક રીતે ઉપયોગી એવી ઉત્પાદિત પ્રવૃત્તિઓમાં કાંતણ, વણાટકામ, અંબર વર્ગ, વગેરે કોર્સિસ ગુજરાત વિદ્યાપીઠમાં વર્ષ ૧૯૫૪-૫૫ દરમિયાન કરેલાં.

શિક્ષક તરીકે ૧૯૫૫ માં શેઠ એસ.આર. હાઈસ્કૂલ, કઠલાલમાં મદદનીશ શિક્ષક તરીકે જોડાયેલાં. પોતે આઝાદીની ચળવળમાં ભાગ લઈને ''ઉચ્ચ સૈનિક''નું બિરુદ પ્રાપ્ત કરેલું, જે તેમની શૈક્ષણિક કારકીર્દીના ઘડતરમાં મોરપીચ્છ સમાન હતું. તેમના લગ્ન ૧૯૫૮માં થયેલાં. ખેડા જિલ્લાના મહેમદાવાદ તાલુકાનું ગામ હલધરવાસ તેમનું વતન છે. ઘણાં વર્ષોથી અમદાવાદમાં સ્થાયી થઈને શિક્ષક તરીકેની દીર્ઘ કારકીર્દી પસાર કરતાં કરતાં અમદાવાદ લોજના સભ્ય બન્યા પછી થિયોસોફિકલ સોસાયટીનાં સ્થાપક નેતાઓના જીવન ચરિત્રો વાંચતાં વાંચતાં અનોખી પ્રેરણાની અનુભૂતિ કરતાં ગુજરાત ફેડરેશનનાં લગભગ બધાં જ અધિવેશનોમાં તેમની હાજરી નોંધપાત્ર બની જતી. બુલંદ અવાજે ગીતો ગાતાં, નૃત્ય પણ કરી લેતાં. આમ 'ડેલીગેટ ઈવનીંગ'નાં કાર્યક્રમોમાં તેઓ સાથી સભ્યો સાથે વિશેષ મનોરંજન પૂરું પાડતાં. કાયમ ખાદીના વસ્ત્રો પહેરે છે. ગાંધીવાદી વિચારસરણી ધરાવે છે. ડૉ. એની બેસન્ટનાં જીવન અને કાર્યની વાતો સાંભળીને ભાવવિભોર થઈ જનાર શ્રી ગોવિંદભાઈ 'થિયોસોફિ'ને જીવવામાં પોતાનો આદર્શ માને છે. 'થિયોસોફિક જ્યોતિ' તેમના સ્વસ્થ જીવન માટે 'શતાબ્દિ સફર' દરમિયાન શુભેચ્છાઓ પાઠવે છે.

(મો. : ૯૩૧૬૭૨૭૨૬૪)

**મહા સૌજન્ય :**


શ્રી જયંતિલાલ પરમાર

અમદાવાદ લોજના વર્તમાન ઉપ-પ્રમુખ શ્રી જયંતિલાલ એમ. પરમાર 'થિયોસોફિક જ્યોતિ'ની શતાબ્દિ યાત્રાને શુભેચ્છા મહા સૌજન્ય પાઠવીને રૂા. ૫૦૦૦/- જી.ટી.એફ. જ્યોતિ પ્રકાશન ફંડને દાન આપીને ગૌરવની લાગણી અનુભવે છે. તેમનો ડિપ્લોમા નં. ૯૫૪૪૬ છે. તેઓ અમદાવાદ લોજના સભ્ય ૦૧.૧૦.૨૦૦૮ ના રોજ બનેલાં.

શ્રી જયંતિલાલ પરમારનો જન્મ ૨૯ જુલાઈ, ૧૯૪૮માં થયેલો. કોલેજ શિક્ષણ બાદ બેન્ક સેવામાં પોતાની કારકીર્દી શરૂ કરેલી. રિઝર્વ બેન્કમાંથી મેનેજર તરીકે વર્ષ ૨૦૦૮ માં નિવૃત્ત થયાં.

છાપામાં આવતી પ્રવચન-પ્રસંગોનાં કાર્યક્રમો અંગેની નોંધ વાંચીને તેમને અમદાવાદ લોજમાં સ્વ. અંબાલાલ મંત્રીનું 'જે. કૃષ્ણમૂર્તિ' વિષે પ્રવચન સાંભળવા મળ્યું. તેઓ પ્રભાવિત થયાં. લોજના સભ્ય બન્યાં. બે વર્ષ પછી સક્રિય કાર્યકર તરીકે કારોબારીમાં નિમણૂંક થઈ. અડ્યાર ખાતે આંતરરાષ્ટ્રીય કન્વેન્શનમાં નિયમિતપણે હાજરી આપેલી. (છેલ્લાં બે વર્ષ ઓનલાઈન) વારાણસી મુકામે ઈન્ડિયન સેક્શન દ્વારા આયોજીત સપ્ટેમ્બર-ઓક્ટોબર ૨૦૧૯ના અભ્યાસ વર્ગમાં ભાગ લીધો હતો. (શ્રી યુ.એસ. પાંડે અને પી. ક્રિષ્ણા દ્વારા સંચાલિત)

૨૦૧૫માં ઓસ્ટ્રેલિયાના પ્રવાસ દરમિયાન પાંચ મહિનાનાં રોકાણ દરમિયાન પર્થ થિયોસોફિકલ સોસાયટીની નિયમિતપણે મુલાકાત લેતાં. ત્યાં વિશાળ લાઈબ્રેરી તથા બુકસ્ટોલ પણ હતો, જે દરરોજ ખુલ્લો રહેતો હતો. પર્થની લોજ મીટીંગ વખતે જ્યારે તેમણે પોતાની ઓળખ આપી ત્યારે ત્યાંનાં દરેક સભ્યે ભાવસભર આવકાર આપેલો. દર અઠવાડિયે મંગળવારે મીટીંગ થતી જેમાં વિદ્વાન વક્તાઓને આમંત્રિત કરવામાં આવતાં. સભ્યો સિવાય પણ પબ્લિકમાંથી નોંધપાત્ર સંખ્યામાં લોકો આવતાં હતાં. એકવાર સિસ્ટર લિન્ડા ઓલિવીએરા પધારેલાં. તેમની સાથે વ્યક્તિગત મુલાકાત કરીને વિચારોની આપ-લે કરી હતી.

પર્થ લોજ દ્વારા આયોજીત ૪૦ કી.મી. દૂર આવેલ માઉન્ટ હેલેના ખાતે જંગલમાં કુદરતી વાતાવરણમાં ત્રિ-દિવસીય શિબિરમાં ભાગ લીધો. જેનો થીમ 'ઈન્ડિયન કલ્ચર' હતો. આશરે ૩૫ સભ્યોએ ભાગ લીધેલો. શ્રી જયંતિભાઈએ પણ સક્રિય રીતે ભાગ લીધો. અને ગાયત્રી મંત્ર ઢાળમાં ગાઈ અંગ્રેજીમાં સમજણ આપી હતી. એક દિવસ લંચ માટે ભારતીય વ્યંજનો બનાવી પીરસવામાં આવેલાં. ભારતીય બોલીવુડની હિન્દી ફિલ્મ પણ બતાવવામાં આવેલી. આયુર્વેદ વિષે પણ એક સભ્યે ખૂબ જ માહિતીસભર પ્રવચન આપેલ. શિબિર ખૂબ જ આનંદદાયક રહેલી.

૨૦૧૬ની સાલમાં મેલબોર્ન શહેરની મધ્યમાં આવેલ મેલબોર્ન થિયો. સોસાયટીની મુલાકાત પણ શ્રી જયંતિભાઈ માટે અનોખું સંભારણું છે. મેલબોર્ન લોજનો વિશાળ સભાખંડ, ધ્યાન માટે રૂમ, બુકસ્ટોલ, લાઈબ્રેરી વગેરે સગવડો છે. શ્રી પેડ્રો પણ એકવાર આમંત્રિત વક્તા તરીકે પધારેલાં, જેમના વક્તવ્યનો લાભ સૌને મળ્યો હતો.

શ્રી જયંતિભાઈ શિવાનંદ આશ્રમ, ઋષિકેશનાં આજીવન સભ્ય છે. ૧૯૯૯ની સાલમાં યોગ-વેદાની ફોરેસ્ટ એકેડમીમાં બે મહિનાનો અભ્યાસવર્ગ પૂર્ણ કરેલ. જેમાં વેસ્ટર્ન ફિલોસોફી, ઈન્ડિયન ફિલોસોફી (ઈશાવાસ્ય ઉપનિષદ, શંકરાચાર્ય ફિલોસોફી, ભગવદ્ગીતા, શિવાનંદ ફિલોસોફી, નારદ-ભક્તિ સૂત્ર તથા મુખ્ય ભારતીય ધર્મોનું તત્વજ્ઞાન ભણાવવામાં આવેલ. શિવાનંદ આશ્રમની શાખાઓ આંતરરાષ્ટ્રીય છે. પર્થ અને મેલબોર્નમાં પણ છે, જેની મુલાકાત પણ તેઓએ નિયમિત લીધેલી.

શ્રી જયંતિભાઈને શાસ્ત્રીય સંગત તથા વાંચનનો શોખ છે, તેમને 'થિયોસોફિક જ્યોતિ' તરફથી શતાબ્દિ સફરની શુભેચ્છાઓ.

(મો. : ૯૯૯૮૨૧૭૫૦૯)

# શાખા સમાચાર

- **રોહિત લોજ, અમદાવાદ :- (દર શનિવારે સાંજે ૬ થી ૭ દરમિયાન આયોજીત ઈ–મીટીંગ્સ) :**
જાન્યુઆરી ૨૦૨૨ દરમિયાન ૧લીએ "આત્માનું નિર્માણ – એક અલૌકિક પ્રક્રિયા" વિષે સુશ્રી વર્ષા પટેલ, ૮મીએ "ચૈતન્યમાં ડોકિયું" વિષે શ્રી રમેશભાઈ ડોલિયા, ૨૨મીએ "જે. કૃષ્ણમૂર્તિની રોજનીશી" વિષે શ્રી હર્ષવદન શેઠ અને ૨૯મીએ "વિદૂરનીતિ" વિષે શ્રી ઉદયભાઈ પાકાવાલાએ પ્રવચનો કર્યા.
- **રેવા લોજ, વડોદરા :- (દર રવિવારે સવારે ૯.૩૦ થી ૧૦.૩૦) :**
જાન્યુઆરી ૨૦૨૨ દરમિયાન બીજીએ "સંઘર્ષ વગર જીવવું" વિષે શ્રી હર્ષદભાઈ દવે, ૯મીએ "વિપશ્યના શા માટે?" વિષે શ્રી અતુલભાઈ દરજી, ૧૬મીએ "પંચમહાભૂત અને શરીરોમાં પરિવર્તન" વિષે ડૉ. ૠતુરાજ પંડ્યા અને ૨૩મીએ "વિષ્ણુ સહસ્રનામ – એક અભ્યાસ" વિષે શ્રી નિખિલભાઈ દેસાઈ એ પ્રવચનો કર્યા.
- **ત્રિવેણી કાર્યક્રમ :- (દર મંગળવારે સાંજે ૬.૩૦ થી ૮.૦૦ દરમિયાન રેવા લોજ, રોહિત લોજ તથા જ્યોતિ લોજ, મુંબઈના સંયુક્ત ઉપક્રમે યોજાતો કાર્યક્રમ) :**
જાન્યુઆરી દરમિયાન ૪થીએ "ધી સિગ્નીફિકન્સ ઓફ થિયોસોફિકલ સ્કૂલ્સ" વિષે ફિલીપાઈન્સથી વિક્ હો ચીને અંગ્રેજીમાં પ્રવચન કર્યું. ગુજરાતીમાં "થિયોસોફીકલ શાળાઓનું મહત્ત્વ" તે શિર્ષક હેઠળ સુશ્રી રંજનબેન વૈદ્યએ ગુજરાતીમાં અનુવાદ રજૂ કર્યો. "થિયોસોફીકલ સ્કૂલો કા મહત્ત્વ" શિર્ષક હેઠળ શ્રી હર્ષવદન શેઠે હિન્દીમાં અનુવાદ રજૂ કર્યો. ૧૧મીએ "નવધા ભક્તિ" વિષે હિન્દીમાં મુખ્ય પ્રવચનની રજૂઆત સુશ્રી મિતાલીની મહાપાત્રે કરી. જેનું ગુજરાતીમાં ભાષાંતર શ્રી નરસિંહભાઈ ઠાકરીયાએ અને અંગ્રેજીમાં ભાષાંતર સુશ્રી વિમલ બાલશંકરે કર્યું. ૧૮મીએ "સિગ્નીફિકન્સ ઓફ જગન્નાથ ધામ" વિષે દિલ્લીથી સુશ્રી સુવર્લિના મોહન્તિએ વક્તવ્ય આપ્યું. જેનું ગુજરાતીમાં ભાષાન્તર મુંબઈથી શ્રીમતિ અર્ચના મુનશીએ કર્યું અને હિન્દીમાં ભાષાંતરની રજૂઆત દિલ્લીથી કુમારી ક્રિતીકા ગોયેલે કરી. ૨૫મીએ પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત ડૉ. લીલાબેન જોશીએ રતલામથી હિન્દીમાં "રામચરીતુમાનસ મે સત્સંગ – ભક્તિ જ્ઞાન" વિષે પ્રવચન કર્યું. અંગ્રેજીમાં રજૂઆત સુશ્રી વિભા સકસેનાએ કર્યું. ગુજરાતીમાં અનુવાદ અમદાવાદથી સુશ્રી વર્ષા પટેલે કર્યું.
- **ગુરૂદેવ ગોષ્ઠી :** મુંબઈ ફેડરેશનનાં ઉપક્રમે દર ગુરૂવારે સાંજે ૬ થી ૭ દરમિયાન ડો. અજયભાઈ હોરાના અધ્યક્ષસ્થાને આયોજીત થતી ઝૂમ મીટીંગ અંતર્ગત "ગુરૂદેવ ગોષ્ઠી"માં મુંબઈ ફેડ.ના પ્રમુખ શ્રી વિનાયકભાઈ પંડ્યા વેણીશંકર ગો. ભટ્ટ લિખિત પુસ્તક "આપણા સંયોગોનું રહસ્ય" પુસ્તકનું વાંચન કરે છે. મુંબઈ તથા ગુજરાતના સભ્યો તે વાંચનને લાભ લે છે. અગત્યના મુદ્દાઓ પર ચર્ચામાં ભાગ લઈને વિષયાભિમુખ થઈને કાર્યક્રમને સફળ બનાવે છે. ફેબ્રુઆરી દરમિયાન આ પુસ્તક પૂર્ણ થયેલ છે. ત્યારબાદ માર્ચમાં "સ્વયંસિદ્ધા" પુસ્તકનું વાંચન શરૂ કરવામાં આવેલ છે.
- **સનાતન લોજ, સુરત :- (દર બુધવારે સાંજે ૫.૦૦ વાગે મીટીંગ યોજાય છે) :**
માર્ચ ૨૦૨૨ દરમિયાન બીજીએ ભક્તિયોગ (ગીતા-અધ્યાય-૧૨) વિષે શ્રી નરસિંહભાઈ ઠાકરિયા, ૯મીએ 'આધ્યાત્મિક ખજાનાનું રહસ્ય' વિષે શ્રી ચંદ્રકાન્તભાઈ સરડવા તથા ૧૬મીએ 'ભર્તુહરિનું નીતિશતક ભાગ-૨' વિષે શ્રી ઉદય પાકાવાલાએ પ્રવચનો કર્યા. ૨૩મીએ 'ભક્તિ ચળવળ અને થિયોસોફિ' વિષે ત્રિવેણી સભાનો વિડિયો સત્સંગ યોજાયો. ૩૦મીએ સુશ્રી પ્રતિભાબેન પારેખે ભારત સમાજ પૂજા કરાવી. એપ્રિલ દરમિયાન છઠ્ઠીએ 'જીવનકલા' વિષે ડૉ. દિપીકાબેન પાઠકજી, ૧૩મીએ 'સરળતા એ કિંમતી આભૂષણ છે' વિષે શ્રી નરસિંહભાઈ ઠાકરિયા અને ૨૦મીએ 'હનુમાન ચાલીસાનો મર્મ' વિષે શ્રી ઉદય પાકાવાલાએ પ્રવચનો કર્યા. ૨૭મીએ સુશ્રી પ્રતિભાબેન પારેખે ભારત સમાજ પૂજા અડાજણ ખાતેના પોતાના નિવાસસ્થાને લોજના સભ્યો સાથે કરી. ઉપસ્થિત સભ્યો માટે પૂજા બાદ પ્રીતિ ભોજન યોજાયેલું.
- **શ્રી હરજીવન આશ્રમ, થિયો. સોસા. કડોલી**ના પ્રયાસથી જૂની/નવી કડોલીના ગ્રામજનો માટે દરેક અઠવાડિયાના સોમવાર અને ગુરૂવારે BAPS (બોચાસણવાસી અક્ષર પુરૂષોત્તમ સ્વામીનારાયણ સંસ્થા) દ્વારા મેડીકલ વાન નિયમિત રીતે ફ્રી મેડીકલ સેવા આપશે.
- **અમદાવાદ લોજ, અમદાવાદ :- (દર બુધવારે સાંજે ૬ થી ૭ દરમિયાન યોજાય છે) :**
માર્ચ ૨૦૨૨ થી લોજની મીટીગો કાર્યરત થઈ છે. બીજીએ 'શ્રી ગુરૂ ચરણે' વિષે સુશ્રી વર્ષા પટેલ, ૯મીએ 'સ્વ'ની ખોજ' વિષે સુશ્રી અનસુયાબેન દેસાઈ, ૧૬મીએ 'સંત કબીર અને જે. કૃષ્ણમૂર્તિ' વિષે શ્રી હર્ષવદન શેઠ અને ૨૩મીએ 'ચૈતન્યમાં ડોકિયું' વિષે શ્રી રમેશભાઈ ડોલિયાએ પ્રવચનો કર્યા. ૩૦મીએ અમદાવાદ લોજનો ૧૨૩મો સ્થાપના દિન ઉજવાયો.
- **ગૌતમ લોજ, સિહોર :** ગૌતમ લોજ, સિહોરનો સ્થાપના દિન રામ નવમીના દિવસે ઉજવામાં આવ્યો. ૨૧ વર્ષ પૂર્ણ કરીને ૨૨ માં વર્ષમાં પ્રવેશ થયો છે.

RNI Code No. GUJ / GUJ / 2015 / 71878, dated 24-05-2017
Registered under Postal Registration No. AHD-C/80/2021/2023 valid upto 31st December-2023 issued by the SSPO'S Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 12th of every month.


**Printed Matter Periodicals** **THEOSOPHIC JYOTI** **May–2022**

**To :**

If Undelivered Return to : HARSHAVADAN MOHANLAL SHETH
9 Apurva Bungalows, B/h. Sharda School, Bhuyangdev, Sola Road, Memnagar, Ahmedabad-380052.

## આપણો પુસ્તક પ્રેમ...

## અર્પણ




સનાતન ધર્મ સભા – થિ. સો. લોજ, સુરત દ્વારા આ પુસ્તિકા ૧૯૯૪ માં પ્રકાશિત કરવામાં આવેલી. સ્વ. વૈકુંઠરાય છોટુભાઈ સીતવાલા દ્વારા આ પુસ્તિકામાં થિયોસોફિકલ સોસાયટીની સ્થાપના, સ્થાપકોના વિશિષ્ટ સાહિત્યનો સાર–રસાસ્વાદ, વિકાસક્રમની પ્રક્રિયા, ધ્યાનસૂત્રની સમજ, અડ્યારની વિશેષ માહિતી, અડ્યાર વડ, વિભૂતિઓ તથા સપ્તકોષો વિષે મુદ્દાસર માહિતી રજૂ કરવામાં આવી છે.

નવા દાખલ થતાં સભ્યો માટે આ પુસ્તિકા ખૂબ જ ઉપયોગી બનશે. સક્રિય સભ્યો માટે પણ થિયોસોફિકલ સોસાયટી દ્વારા જે બાબતોનો પ્રચાર–પ્રસાર કરવાનો છે તે બાબતો વિશેની વિશેષ સમજ આ પુસ્તિકા પૂરી પાડે છે. મુદ્દાસર અને સાર ગ્રહણ રૂપ ઘણી બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

*પ્રકાશક : શ્રી હર્ષવદન એમ. શેઠ*
*માલિક : ગુજરાત થિયોસોફિકલ ફેડરેશન, ભાવનગર-૩૬૪૦૦૧*
*મુદ્રક : નૈષધ પ્રિન્ટર્સ-વિક્રમભાઈ પટેલ નારણપુરા ગામ, અમદાવાદ-૩૮૦૦૧૩ ફોન : ૨૭૪૯૧૬૨૭, ૯૮૯૮૫૨૨૦૧૦*

Printed and Published by HARSHAVADAN MOHANLAL SHETH on behalf of GUJARAT THEOSOPHICAL FEDERATION and Printed at Naishadh Printers, Nr. Municipal School, Naranpura Gam, Ahmedabad-380013 and published from GUJARAT THEOSOPHICAL FEDERATION, 9 Apurva Bungalows, B/h. Sharda School, Bhuyangdev, Sola Road, Memnagar, Ahmedabad-380052.
Editor - HARSHAVADAN MOHANLAL SHETH